


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 129
Dt.: 19-01-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa


# અમેરિકાનું ટેન્શન વધ્યું: ટ્રમ્પની જીદ સામે રસ્તા પર ઉતર્યા ગ્રીનલેન્ડના લોકો

(સંપૂર્ણ સમાચાર સેવા)ગ્રીનલેન્ડ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ડેનમાર્કના સ્વાયત્ત પ્રદેશ ગ્રીનલેન્ડ પર કબજો કરવાની ઈચ્છા જતાવતાં યુરોપમાં તણાવ ઊભો થયો છે. ટ્રમ્પની નીતિઓની વ્યાપક ટીકા થઈ છે. ગ્રીનલેન્ડને હસ્તગત કરવા માટે અમેરિકા સૈન્ય કાર્યવાહી પણ કરી શકે એમ છે, એવી ટ્રમ્પની ધમકીના જવાબમાં ૧૭ જાન્યુઆરીના રોજ ડેનમાર્ક અને ગ્રીનલેન્ડના હજારો નાગરિકોએ વિરોધ પ્રદર્શનો કરીને 'Make America Go Away' (અમેરિકાને દૂર કરો)ના ઝંડા લહેરાવ્યા હતા. ગ્રીનલેન્ડની રાજધાની નૂક અને ડેનમાર્કની રાજધાની કોપનહેગન સહિત ઘણા શહેરોમાં લોકોએ રેલીઓ કાઢી હતી. પ્રદર્શનકારીઓએ 'કલાલ્લિત નુનાત!' (ગ્રીનલેન્ડિક ભાષામાં ગ્રીનલેન્ડનું નામ) અને **'Greenland is nO for sale!'** (ગ્રીનલેન્ડ વેચાણ માટે નથી!) જેવા નારા લગાવ્યા હતા. ઘણા લોકોએ રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યા હતા અને ટ્રમ્પની નીતિઓનો વિરોધ કરતા પ્લેકાર્ડ પકડ્યા હતા. ટ્રમ્પે અમેરિકાની રાષ્ટ્રપતિ ચૂંટણીના ઢંઢેરામાં MAGA (Make America Great Again – અમેરિકાને ફરી મહાન બનાવીએ) એવું સ્લોગન આપ્યું હતું. એમણે પહેરેલી સ્છચ્છ લખેલી ટોપી પણ દુનિયાભરમાં પ્રસિદ્ધ થઈ ગઈ હતી. ગ્રીનલેન્ડ મુદ્દે ટ્રમ્પનો વિરોધ કરવા નીકળેલા પ્રદર્શનકારીઓએ ટ્રમ્પે પહેરેલી એવી જ ટોપીઓ પહેરેલી હતી, પણ એના પર 'મેક અમેરિકા ગ્રેટ એગેઈન'ને બદલે 'મેક અમેરિકા ગો અવે' (Make America Go Away - MAGA - અમેરિકાને દૂર કરો) લખેલું હતું. આ ઉપરાંત, 'અમેરિકા પાસે ખૂબ બધો બરફ છે' (એટલે કે અમેરિકાએ ગ્રીનલેન્ડ જેવા બર્ફિલા પ્રદેશને હસ્તગત કરવાની કોઈ જરૂર નથી) જેવા વ્યંગાત્મક સંદેશા પણ જોવા મળ્યા હતા. ગ્રીનલેન્ડના વડાપ્રધાન જેન્સ-ફ્રેડરિક નીલ્સન પણ નૂક ખાતે પ્રદર્શનમાં સામેલ થયા હતા. તેઓ પરંપરાગત ઈનુઈટ ગીતો ગાતા અને રાષ્ટ્રધ્વજ લહેરાવતા જોવા મળ્યા હતા. તેમણે ભીડને સંબોધિત કરીને ગ્રીનલેન્ડના હક માટે આગ્રહ કર્યો હતો. ટ્રમ્પે ગ્રીનલેન્ડને અમેરિકાનો ભાગ બનાવવાની ઈચ્છા વારંવાર વ્યક્ત કરી છે. તેઓ એવી દલીલ કરે છે કે આર્કટિકમાં આવેલો આ ટાપુ વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ છે અને તેની પાસે ઘણા દુર્લભ ખનિજો છે. ગ્રીનલેન્ડને અમેરિકાનો ભાગ બનાવવા માટે તેઓ લશ્કરી કાર્યવાહી કરવા પણ તૈયાર હોવાનું કહી ચૂક્યા છે.

ગ્રીનલેન્ડને ગજવે ઘાલવાની પ્રક્રિયામાં અડચણ ઊભી કરનારા યુરોપના દેશો પર વધારાનો ટેરિફ લાદવાની ધમકી પણ ટ્રમ્પ આપી ચૂક્યા છે. તેમણે ગ્રીનલેન્ડ સાથે સંબંધ ધરાવતા ડેનમાર્ક, જર્મની, ફ્રાન્સ, યુ.કે. જેવા તમામ યુરોપિયન દેશો પર ૧૦% નવો ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. સાથોસાથ તેમણે ચેતવણી પણ આપી છે કે જો ગ્રીનલેન્ડનો સોદો ન થાય, તો આ ટેરિફ જૂન મહિનામાં ૨૫% સુધી વધારી દેવામાં આવશે.

### અલ-કાયદાના આતંકવાદીને ઠાર માર્યો

# અમેરિકાએ સીરિયા પર હવાઈ હુમલો કર્યો

### ઉત્તર પશ્ચિમ સીરિયામાં હુમલો કરવામાં આવ્યો હતો અને બિલાલ હસન અલ-જસીમ માર્યો ગયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)સીરિયા

અમેરિકાએ વધુ એક દેશ પર હવાઈ હુમલો કર્યો છે. જેમાં અમેરિકાએ સીરિયામાં હવાઈ હુમલો કરીને અલ-કાયદાના એક આતંકવાદીને ઠાર કરી દીધો છે. ગત મહિને સીરિમાં અમેરિકન ઠેકાણાઓ પર ઘાતકી હુમલો થયો હતો. જેમાં ત્રણ અમેરિકન નાગરિકના મોત થયા હતા. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ હુમલા સાથે સંકળાયેલા અલ-કાયદાના એક લીડરની મોતની પુષ્ટિ કરી છે.

યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે, ૧૬ જાન્યુઆરીના રોજ ઉત્તરપશ્ચિમ સીરિયામાં હુમલો કરવામાં આવ્યો હતો અને બિલાલ હસન અલ-જસીમ માર્યો ગયો હતો. યુએસ અધિકારીઓએ બિલાલને **ISIS** સાથે સીધા જોડાણ ધરાવતા વરિષ્ઠ આતંકવાદી તરીકે બતાવ્યો હતો. બિલાલ ૧૩ ડિસેમ્બરના રોજ સીરિયાના પલ્માયરામાં થયેલા હુમલા માટે જવાબદાર બંદૂકધારી સાથે જોડાયેલો હતો. જેમાં બે યુએસ સર્વિસ મેમ્બર અને એક અમેરિકન સિવિલિયન ઈન્ટરપ્રેટરનું મોત થયું હતું. યુએસ સેક્રેટરી ઓફ વોર પીટ હેગસેથે કહ્યું, "અમે ક્યારેય ભૂલીશું નહીં, અને અમે ક્યારેય હાર માનીશું નહીં." અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના કમાન્ડર એડમિરલ બ્રેડ કપૂરે કહ્યું કે, "ત્રણ અમેરિકનોના મૃત્યુ સાથે જોડાયેલા આતંકવાદીનું મૃત્યુ આપણા સૈન્ય પર હુમલો કરનારા આતંકવાદીઓનો પીછો કરવાના અમારા અતૂટ સંકલ્પને દર્શાવે છે. અમેરિકન નાગરિકો અને આપણા યુદ્ધ લડવૈયાઓ સામે હુમલા કરનારા, કાવતરું ઘડનારા અથવા ઉશ્કેરનારાઓ માટે કોઈ સુરક્ષિત સ્થાન નથી. અમે તમને શોધી કાઢીશું." ડિસેમ્બરમાં અમેરિકન ઠેકાણા પર થયેલા હુમલા બાદ સીરિયામાં અમેરિકન સૈન્ય એક્શનની સીરિઝનો આ નવો મામલો છે. અમેરિકાના અધિકારીઓએ કહ્યું કે, "દેશમાં આતંકવાદી ઠેકાણા પર અમેરિકાન સેના દ્વારા જવાબી હુમલાનો આ ત્રીજો રાઉન્ડ હતો." યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે, આ નવું ઓપરેશન ૧૩ ડિસેમ્બરના હુમલા પછી શરૂ કરાયેલા મોટા અભિયાનનો એક ભાગ હતું, જેનો ઉદ્દેશ્ય સીરિયામાં **ISIS**ની ક્ષમતાઓને નબળી પાડવાનો હતો. ઓપરેશન હોકઆઈ સ્ટ્રાઈક નામ આપવામાં આવ્યું છે.

એક નિવેદનમાં યુએસ સેન્ટ્રલ કમાન્ડે કહ્યું કે, "અમેરિકા સહિતની સેનાએ ઓપરેશન દ્વારા સીરિયામાં ૧૦૦થી વધુ **ISIS** ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હથિયાર સાઈટ ટાર્ગેટ પર હુમલો કર્યો હતો. જેમાં ૨૦૦થી વધુ હથિયારોનો ઉપયોગ કરાયો હતો. આ હુમલાનો હેતુ આ સમુહની અમેરિકન સેનાઓ અને તેમના સહયોગી વિરૂદ્ધમાં હુમલાની યોજના બનાવવાની અને તેને અંજામ આપવાની ક્ષમતાને રોકવાનો હતો." હવાઈ હુમલા સિવાય અમેરિકા અને સહયોગી સેનાએ ગત વર્ષે ગ્રાઉન્ડ ઓપરેશન તેજ કર્યું. સીરિયામાં ૩૦૦થી વધુ **ISIS** ઓપરેટિવને ઝડપી પાડવામાં આવ્યા છે, જ્યારે ૨૦થી વધુ આતંકવાદીને ઠાર કરી દેવાયા છે.

અમેરિકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ડિસેમ્બરના હુમલાએ સીરિયામાં **ISIS** સેલ તરફથી સતત ખતરો દર્શાવ્યો હતો. **ISIS** સામે લડવા માટે અમેરિકાની સેનાએ સેંકડો સૈનિકોને સીરિયામાં તૈનાત કર્યા છે.

### સિંગુરથી વડાપ્રધાન મોદીનો હુંકાર

# બંગાળમાં ૧૫ વર્ષના 'મહા જંગલરાજ'ને હટાવવાનો સમય

### મોદીએ રૂ. ૮૩૦ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કરતા જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં બંગાળમાં જેટલું કામ થયું છે, તેટલું કદાચ છેલ્લા ૧૦૦ વર્ષમાં નથી થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા



પશ્ચિમ બંગાળમાં માર્ચ-એપ્રિલ ૨૦૨૬માં વિધાનસભા ચૂંટણીઓ છે, ત્યારે વડાપ્રધાન મોદીએ જાણે આ જનસભા કરીને ચૂંટણીનું રણશિંગુ ફૂંક્યું છે. અહીંના હુગલી જિલ્લાના સિંગુરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મમતા બેનર્જી સરકાર વિરુદ્ધ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે બિહારના ઉદાહરણ સાથે બંગાળની સ્થિતિની સરખામણી કરતા કહ્યું કે, 'જે રીતે ભાજપ-**NDA** એ બિહારમાં જંગલરાજને ફરીથી આવતા રોક્યું છે, તેવી જ રીતે હવે બંગાળની જનતા પણ ૧૫ વર્ષના મહા-જંગલરાજને વિદાય આપવા તૈયાર છે.' આ દરમિયાન વડાપ્રધાન મોદીએ રૂ. ૮૩૦ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કરતા જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં બંગાળમાં જેટલું કામ થયું છે, તેટલું કદાચ છેલ્લા ૧૦૦ વર્ષમાં નથી થયું. દેશની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેન અને અડધો ડઝનથી વધુ અમૃત ભારત ટ્રેનો બંગાળને મળી છે. નવી ટ્રેનોમાંની એક ટ્રેન કાશી (વારાણસી) અને બંગાળ વચ્ચેના સાંસ્કૃતિક અને વેપારિક સંબંધોને વધુ મજબૂત કરશે. દિલ્હી અને તમિલનાડુ માટે પણ નવી અમૃત ભારત ટ્રેનો શરૂ કરવામાં આવી છે. સિંગુરના ટાટા નેનો વિરુદ્ધના આંદોલનનું નામ લીધા વિના વડાપ્રધાન મોદીએ કહ્યું કે, એક સમયે સિંગુર ઔદ્યોગિક સંઘર્ષનું કેન્દ્ર હતું, ત્યાં હવે 'વિકસિત ભારત'નો પાયો નખાઈ રહ્યો છે. જેમ કે, બાલાગઢમાં બનનારી એક્સટેન્ડેડ પોર્ટ ગેટ સિસ્ટમ કોલકાતા પોર્ટ પરનો બોજ ઘટાડશે અને પરિવહન ખર્ચમાં ધરખમ ઘટાડો કરશે. પર્યાવરણની જાળવણી માટે હાઈબ્રિડ ઈલેક્ટ્રિક બોટ દ્વારા માલની હેરફેર (કાર્ગો મુવમેન્ટ) વધારવાનો પણ કેન્દ્ર સરકારનો સંકલ્પ છે. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ ભાવુક અંદાજમાં કહ્યું કે બંગાળમાં જ વંદે માતરમને પૂર્ણ સ્વરૂપ મળ્યું હતું. તો તૃણમૂલ કોંગ્રેસ સરકારને ટોણો મારતા કહ્યું કે, ભાજપ સરકાર વિકાસની સાથે દુર્ગા પૂજા જેવા વારસાને પણ મહત્ત્વ આપે છે, જેને હેરિટેજ દરજ્જો મળ્યો છે. પૂર્વ ભારતનો વિકાસ એ જ વિકસિત ભારતનો મુખ્ય આધાર છે. આ માટે કેન્દ્ર સરકાર કટિબદ્ધ છે.

સિંગુરમાં ઉમટેલી મેદનીને જોઈને વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ ઉત્સાહ પશ્ચિમ બંગાળની નવી વાર્તા લખી રહ્યો છે. બંગાળના લોકો હવે માત્ર પરિવર્તન નહીં પણ 'અસલી પરિવર્તન' ઈચ્છે છે. જે રીતે બિહારને જંગલરાજથી મુક્ત કર્યું છે, તેમ ભાજપ બંગાળમાંથી 'મહા-જંગલરાજ'ને વિદાય આપવા સજ્જ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૮ જાન્યુઆરીના રોજ સિંગુરમાં રૂ.૮૩૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું છે. જો કે, આ સભાનો મુખ્ય હેતુ મમતા બેનરજી સરકારને ઘેરવાનો જ છે, એ સ્પષ્ટ છે. ભાજપ સાબિત કરવા માંગે છે કે મમતા બેનરજીના સિંગુર આંદોલનના કારણે જ બંગાળમાં ઉદ્યોગો આવ્યા નથી. આ દરમિયાન વડાપ્રધાન મોદી સિંગુરની ધરતી પરથી ગુજરાતના સાણંદના વિકાસનું ઉદાહરણ આપીને બંગાળમાં પરિવર્તનનો નારો આપવા માંગે છે, તેમાં કોઈ શંકાને સ્થાન નથી. જે ખેડૂતો પોતાને છેતરાયેલા અનુભવે છે, તેમને પોતાની તરફ ખેંચવાનો ભાજપનો આ રાજકીય દાવ છે. ભાજપ બંગાળના ખેડૂતો અને મજૂર વર્ગમાં એવું ઠસાવવા માંગે છે કે, સિંગુર આજે પણ એક અધૂરા સપનાનું પ્રતીક છે. હવે **PM** મોદીની આ મુલાકાતથી શું સિંગુરને નવી ઓળખ મળશે કે પછી તે માત્ર ચૂંટણીલક્ષી મુદ્દો બનીને રહી જશે, એ તો ભવિષ્ય જ કહેશે.

# ઝારખંડમાં ગંભીર અકસ્માત, જાનૈયાઓ ભરેલી બસ પલટી: અકસ્માતમાં પાંચના મોત, અનેકને ઈજા

(સંપૂર્ણ સમાચાર સેવા)લાતેહાર

ઝારખંડના લાતેહાર જિલ્લામાં રવિવારે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. છત્તીસગઢથી જાનૈયાઓને લઈને આવી રહેલી એક ખાનગી બસ ઓરસા ઘાટીમાં અનિયંત્રિત થઈને પલટી ગઈ હતી. આ ઘટનામાં અત્યાર સુધીમાં ૫ મહિલાઓના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે ૩૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાની આશંકા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, છત્તીસગઢના બલરામપુર જિલ્લાના મહારાજગંજ ગામથી એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે આશરે ૮૦ જેટલા લોકો બસમાં સવાર થઈને મહુઆડાંડા આવી રહ્યા હતા.

ઓરસા ઘાટીના વળાંક પર ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા બસ પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે, ચીસાચીસ સાંભળી સ્થાનિક ગ્રામીણો મદદ માટે દોડી આવ્યા હતા અને ખાનગી વાહનો દ્વારા ઘાયલોને હોસ્પિટલ પહોંચાડ્યા હતા.

ઘટનાની જાણ થતા જ લાતેહારના એસડીએમ બિપિન કુમાર દુબે અને પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. મહુઆડાંડાની સરકારી હોસ્પિટલ ઘાયલોથી ભરાઈ ગઈ છે, જ્યાં સ્થાનિક ડોક્ટરોની સાથે ખાનગી ક્લિનિકના પ્રેક્ટિશનરો પણ ઈજાગ્રસ્તોની સારવાર કરી રહ્યા છે. કેટલાક ઈજાગ્રસ્તોની સ્થિતિ ગંભીર હોવાના કારણે મૃત્યુઆંક વધવાની સંભાવના છે.

મુખ્યમંત્રી હેમંત સોરેને ઘટના અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

તેમણે એક્સ પર પોસ્ટ કરીને જિલ્લા પ્રશાસનને પીડિતોને તાત્કાલિક સહાય પૂરી પાડવા અને ઘાયલોને શ્રેષ્ઠ સારવાર આપવા નિર્દેશ આપ્યા છે. પોલીસ અધીક્ષક કુમાર ગૌરવે જણાવ્યું હતું કે, સમગ્ર મામલાની તપાસ હાથ ધરવામાં આવી છે.

### મૌની અમાસે પ્રયાગરાજમાં હાઈ-વોલ્ટેજ ડ્રામા

# શંકરાચાર્ય દ્વારા સ્નાન કરવા માટે બહિષ્કાર, કહ્યું મારા શિષ્યોને માર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)પ્રયાગરાજ

મૌની અમાસના પવિત્ર અવસર પર જ્યાં એક તરફ સંગમ નગરી પ્રયાગરાજમાં કરોડો શ્રદ્ધાળુઓ આસ્થાની ડૂબકી લગાવી રહ્યા છે, ત્યાં બીજી તરફ શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે સ્નાન કરવાનો ઈનકાર કરીને એક મોટો વિવાદ સર્જ્યો છે. તેમણે પ્રશાસન પર તેમના શિષ્યો સાથે મારપીટ કરવાનો અને માર મારવા માટે ઈશારા કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે.

શંકરાચાર્યએ મીડિયા સાથે વાતચીતમાં કહ્યું કે, પોલીસના મોટા મોટા અધિકારી મારી નજર સામે મારા શિષ્યોને થપ્પડ મારી રહ્યા હતા. છાતીમાં મારીને નીચે પાડી દીધા. આ દશ્યો જોઈને મેં નક્કી કર્યું કે આજે સ્નાન કરવા નથી જવું. અમે પરત ફરવા લાગ્યા તે પછી પણ પોલીસ મારતી રહી. પોલીસને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જ આદેશ આપ્યા હશે. કુંભમેળામાં નાસભાગ મામલે મેં યોગી આદિત્યનાથને જવાબદાર ઠેરવ્યા હતા. ત્યારથી જ તેઓ મારા પર ગુસ્સે છે અને આજે બદલો લઈ રહ્યા છે.

પ્રયાગરાજના ડિવિઝનલ કમિશનર સૌમ્યા અગ્રવાલે સમગ્ર મામલે કહ્યું કે, સ્વામી અવિમુક્તેશ્વરાનંદ મંજૂરી વિના આગળ વધી રહ્યા હતા અને પોલીસના બેરિકેડ પણ તોડ્યા. તેમને રોકીને અપીલ કરવામાં આવી કે તમે સામાન્ય શ્રદ્ધાળુની જેમ સ્નાન કરી લો. કારણ કે સંગમ પર લાખોની ભીડ હતી અને કોઈ પણ અનિચ્છનિય ઘટના થઈ શકે તેમ હતી. તેમ છતાં તેઓ માન્યા નહીં અને ત્રણ કલાક સુધી રસ્તો રોકી રાખ્યો. તેમણે અવ્યવસ્થા ફેલાવી.

શંકરાચાર્યના વિવાદ વચ્ચે, મૌની અમાસ પર પ્રયાગરાજમાં આસ્થાનો મહાસાગર ઉમટ્યો છે. મોડી રાત્રે ૧૨ વાગ્યાથી જ શ્રદ્ધાળુઓનો પ્રવાહ સંગમ તરફ શરૂ થઈ ગયો હતો. પ્રશાસનના અંદાજ મુજબ, ત્રણ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ સંગમમાં સ્નાન કરે તેવી શક્યતા છે, જ્યારે અત્યાર સુધીમાં ૫૦ લાખથી વધુ લોકો ડૂબકી લગાવી ચૂક્યા છે. સંગમ નોઝ પર ભીડને નિયંત્રિત કરવા માટે પોલીસ અને પીએસીના જવાનો તૈનાત છે અને સીટી વગાડીને લોકોને એક જગ્યાએ ઉભા રહેવાથી રોકી રહ્યા છે.આટલી મોટી ભીડને ધ્યાનમાં રાખીને પ્રશાસન દ્વારા સુરક્ષાનો અભૂતપૂર્વ બંદોબસ્ત કરવામાં આવ્યો છે. સ્નાન ઘાટો પર જલ પોલીસ, **NDRF, SDRF** અને ગોતાખોરોની ટીમો તૈનાત છે. આ ઉપરાંત, સમગ્ર મેળા વિસ્તારમાં પોલીસ, **PAC, RAF, BDS** અને **UP** છ્જીના કમાન્ડો સાથે ગુપ્તચર એજન્સીઓ પણ સક્રિય છે. પોલીસ કમિશનરના જણાવ્યા મુજબ, **CCTV** અને ડ્રોન કેમેરાથી સમગ્ર માઘ મેળા પર બાજ નજર રાખવામાં આવી રહી છે અને કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિ કે વસ્તુ પર કડક નજર રાખવામાં આવી રહી છે.

# મર્ડર-૨ ફિલ્મવાળી પેટર્નથી ગોવામાં ૨ રશિયન મહિલાઓની હત્યાથી હડકંપ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોવા

પ્રવાસીઓના સ્વર્ગ ગણાતા ગોવામાં એક રશિયાના નાગરિકની ધરપકડ બાદ ઘટસ્ફોટ થયો છે. ૩૭ વર્ષીય એલેક્સી લિયોનોવે બે રશિયન મહિલાઓની ક્રૂરતાપૂર્વક હત્યા કર્યાની કબૂલાત કરતા હડકંપ મચી ગયો છે. ફિલ્મી પેટર્ન મુજબ હાથ બાંધીને ગળું કાપીને હત્યા કર્યાની આ ઘટનાએ પોલીસને પણ સ્તબ્ધ કરી દીધી છે.

અહેવાલો અનુસાર, ગોવાના અરમ્બોલ વિસ્તામાં એક રૂમમાંથી એલેક્સી લિયોનોવ સાથે લિવ-ઈનમાં રહેતી એલેના કસ્થનોવાનો મૃતદેહ મળી આવ્યો હતો. આ મહિલાનું ગળું કાપેલું હતું અને તેના હાથ પાછળ દોરડાથી બાંધેલા હતા. પડોશીઓ ચીસો સાંભળીને ઘટનાસ્થળે દોડી આવ્યા હતા, મકાનમાલિકને જાણ કરી હતી, ત્યારબાદ આરોપી લિયોનોવ પહેલા માળેથી કૂદીને ભાગી ગયો હતો, પરંતુ પોલીસે તેની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન, તેણે માત્ર આ હત્યા જ નહીં પરંતુ બીજી રશિયાની મહિલા એલેના વાનીવાની હત્યાની પણ કબૂલાત કરી હતી, જેનો મૃતદેહ મોરજિમ ગામમાં મળી આવ્યો હતો.




## તંત્રી લેખ......

### નવા બજારો શોધવાનો પડકાર અને વૈશ્વિક વેપારની વધતી જતી મુશ્કેલી

તાજેતરમાં, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે વેપાર કરતા દેશો પર તાત્કાલિક અસરથી ૨૫ ટકા ટેરિફ લાદ્યો હતો. ભારત આ દેશોમાંનો એક છે. અમેરિકા પહેલાથી જ ભારત પર ૫૦ ટકા ટેરિફ ધરાવે છે. તેથી, ભારત હવે ૭૫ ટકા ટેરિફનો સામનો કરશે. ટ્રમ્પે રશિયા પર પ્રતિબંધ કાયદો, ૨૦૨૫ ને પણ મંજૂરી આપી. જો આ કાયદો લાગુ કરવામાં આવે, તો ટ્રમ્પ ભારત સહિત રશિયા પાસેથી તેલ ખરીદનારા દેશો પર ૫૦૦ ટકા સુધીના દંડાત્મક ટેરિફ લાદી શકે છે. જો ભારત પર વધુ ટેરિફ લાદવામાં આવે, તો ભારતની યુનાઈટેડ સ્ટેટ્સમાં માલ અને સેવાઓની નિકાસ લગભગ બંધ થઈ જશે. આ પરિસ્થિતિ ભારત માટે ચિંતાજનક છે કારણ કે, ગયા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં, યુનાઈટેડ સ્ટેટ્સ ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર હતું, અને ભારતની યુનાઈટેડ સ્ટેટ્સમાં નિકાસ આશરે $૮૬.૫ બિલિયન હતી.

છેલ્લા કેટલાક વર્ષોથી, યુનાઈટેડ સ્ટેટ્સે ભારતની કુલ નિકાસમાં સતત ૧૭-૧૮ ટકાનું યોગદાન આપ્યું છે. ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર સંતુલનમાં લટકતો હોવાથી, ભારતે નવા ટેરિફને કારણે યુએસ બજારમાં નિકાસની અસરને વળતર આપવા માટે ઝડપથી વૈકલ્પિક વ્યવસ્થા વિકસાવવાની જરૂર પડશે.

આ હાંસલ કરવા માટે, નિકાસને પ્રોત્સાહન આપવાના પગલાં સામાન્ય બજેટમાં શામેલ કરવાની જરૂર પડશે. વૈશ્વિક વેપાર પડકારો વચ્ચે ભારતમાંથી નિકાસ વધારવી એ સરળ કાર્ય નથી. આ હાંસલ કરવા માટે, ભારતે દ્વિપક્ષીય અને મુક્ત વેપાર કરારો હેઠળ નિકાસ વધારવા માટે ઝડપી પગલાં લેવાની જરૂર પડશે. હાલના નિકાસ બજારોમાં તેનો હિસ્સો વધારવો જરૂરી છે, સાથે સાથે નવા બજારોની શોધ પણ કરવી જરૂરી છે. આ વર્ષે નિકાસ બજારો સુધી પહોંચવા માટે યુકે, ઓમાન અને ન્યુઝીલેન્ડ સાથે હસ્તાક્ષરિત FTAsનો અસરકારક અમલીકરણ મહત્વપૂર્ણ રહેશે તેમાં કોઈ શંકા નથી. હવે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે પેરુ, ચિલી, ASEAN, મેક્સિકો, કેનેડા, દક્ષિણ આફ્રિકા, ઈઝરાયલ અને ગલ્ફ કાઉન્સિલ ઓફ નેશન્સ સહિત અન્ય મુખ્ય દેશો સાથે પણ FTAs આકાર લેશે. જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝની તાજેતરની ભારત મુલાકાતથી યુરોપિયન યુનિયન સાથે ભારતના FTAના વહેલા નિષ્કર્ષની આશા મજબૂત થઈ છે. વધુમાં, મોરેશિયસ, સંયુક્ત આરબ અમીરાત, ઓસ્ટ્રેલિયા અને યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન, ચાર યુરોપિયન દેશો - આઈસલેન્ડ, સ્વિટ્ઝર્લૅન્ડ, નોર્વે અને લિક્ટેંસ્ટાઈન - સાથે હસ્તાક્ષરિત FTAsના ફાયદા નવા વર્ષમાં વધુ સ્પષ્ટ થવાની સંભાવના છે.

ટ્રમ્પના ટેરિફને કારણે અમેરિકામાં થતી નિકાસમાં ઘટાડો સરભર કરવા માટે, ભારતે મુખ્ય વૈશ્વિક બજારોમાં તેની નિકાસ સફળતાપૂર્વક વધારી છે. તાજેતરમાં જારી કરાયેલા વિદેશી વેપાર ડેટા અનુસાર, નવેમ્બર ૨૦૨૪ અને નવેમ્બર ૨૦૨૫ વચ્ચે ભારતની કુલ નિકાસ ૧૫ ટકા વધીને ૬૪.૦૫ બિલિયનથી ૭૩.૯૯ બિલિયન થઈ ગઈ છે. ટ્રમ્પના ટેરિફમાં સતત વધારો છતાં, ભારતનું અર્થતંત્ર ઝડપથી વિકસી રહ્યું છે. વિશ્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ભારતીય અર્થતંત્ર માટે વૃદ્ધિનો અંદાજ ૬.૩ ટકાથી વધારીને ૭.૨ ટકા કર્યો છે. આજે, મુખ્ય વૈશ્વિક દેશો સાથે ભારતનો દ્વિપક્ષીય વેપાર ઝડપથી વિસ્તરી રહ્યો છે, અને ભારત લગભગ ૨૦૦ દેશોમાં કોઈને કોઈ ઉત્પાદનની નિકાસ કરે છે.

મહિલા સ્વ સહાય જુથોના સશક્તિકરણના પ્રોત્સાહનને વધુ વ્યાપક બનાવાશે

# ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪ અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો મહત્વપૂર્ણ નિર્ણય

## નોન પોલ્યુટીંગ ટેક્સટાઈલ મેન્યુફેક્ચરીંગ એક્ટિવીટીના મ્યુનિસીપલ વિસ્તારમાં આવતા એકમોને પોલિસીનો લાભ મળશે

અમદાવાદ :
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪માં પહેલી વાર ગ્રામીણ અને શહેરી વિસ્તારોની મહિલાઓના સ્વ સહાય જુથ – સેલ્ફ હેલ્પ ગ્રુપના સશક્તિકરણ અને આવક વૃદ્ધિનો અભિગમ અપનાવેલો છે.

મુખ્યમંત્રીશ્રીએ મહિલા સશક્તિકરણના આ અભિગમને વધુ વ્યાપક બનાવવા માટે ટેક્સટાઈલ પોલિસીની કેટલીક જોગવાઈઓમાં મહત્વપૂર્ણ સુધારા કરવાના દિશા નિર્દેશો આપ્યા છે.તદઅનુસાર, નેશનલ રૂરલ લાઈવલી હુડ મિશન તથા નેશન અર્બન લાઈવલી હુડ મિશનમાં નોંધાયેલા કે અન્ય સ્વૈચ્છિક સ્વ સહાય જુથ જેમાં આજીવિકાના સમાન હેતુ થી જોડાયેલી મહિલાઓના એક અથવા એકથી વધુ સેલ્ફ હેલ્પ ગ્રુપને ટેક્સટાઈલ પોલિસી અંતર્ગત લાભ મળી શકશે.

મુખ્યમંત્રીશ્રીએ એક અન્ય નિર્ણય એવો પણ કર્યો છે કે, રાજ્યમાં મ્યુનિસીપલ એરીયાની હદમાં આવતા હોય તેવા ગારમેન્ટ, એપેરલ અને મેડઅપ્સ, સ્ટીચીંગ, એમ્બ્રોઈડરી તથા અન્ય એક્ટિવિટી સાથે સંકળાયેલા નોન પોલ્યુટીંગ ટેક્ષટાઈલ મેન્યુફેક્ચરીંગ એક્ટિવિટીવાળા એકમોને પણ આ ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪નો લાભ અપાશે.

રાજ્યની અર્થવ્યવસ્થા અને દેશની આર્થિક પ્રગતિમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવતા કાપડ ઉદ્યોગની ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનના દરેક સેગમેન્ટનું એનાલીસીઝ કરીને ગારમેન્ટ અને એપેરલ તથા ટેક્નિકલ ટેક્સટાઈલમાં વિશેષ ફોકસ કરવાનો વ્યુહ ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪માં મુખ્યમંત્રીશ્રીએ અપનાવ્યો છે.

આના ભાગરૂપે ટેક્ષટાઈલની નોન પોલ્યુટીંગ પ્રવૃતિ ગારમેન્ટ, એપેરલ અને મેડઅપ્સ, સ્ટીંચીંગ, એમ્બ્રોડરી તથા અન્ય વેલ્યુએડેડ એક્ટિવિટિ ધરાવતા એકમો કે જે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ(GPCB)ની પ્રર્વતમાન White Category તથા Green Category અથવા તેને સમકક્ષ GPCBના પ્રવર્તમાન જોગવાઈ / કેટેગરી ક્લાસીફીકેશન હેઠળ સમાવેશ થતા તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની હદમાં સ્થાપિત એકમોને પણ ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી ૨૦૨૪ અંતર્ગત સહાય પાત્ર ગણવામાં આવશે. મુખ્મંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણયથી રાજ્યના મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની હદમાં આવેલા નોન પોલ્યુટીગ ટેક્ષટાઈલ એકમોને યોજનાનો બહોળો લાભ મળશે. એટલું જ નહિ,શહેરી વિસ્તારમાં રોજગાર સર્જનને પ્રોત્સાહન મળશે તથા કુશળ/અર્ધકુશળ કામદારો માટે સ્થાનિક સ્તરે રોજગારની તકો વધશે. નોન-પોલ્યુટીંગ ટેક્ષટાઈલ પ્રવૃત્તિઓને શહેરી વિસ્તારમાં માન્યતા મળવાથી સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs)ને વિકાસ માટે પણ અનુકૂળ વાતાવરણ મળશે.

આ ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ઉપલબ્ધ આંતર માળખાકીય સુવિધાઓનો અસરકારક ઉપયોગ થશે, જેના કારણે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે અને સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન મળશે.

★ ગારમેન્ટ, એપેરલ, સ્ટીચિંગ તથા એમ્બ્રોડરી જેવી લેબર-ઈન્ટેન્સિવ અને નોન-પોલ્યુટીંગ ટેક્ષટાઈલ પ્રવૃત્તિઓ શહેરી વિસ્તારમાં સ્થિત થવાથી મહિલા કર્મચારીઓને સ્થાનિક સ્તરે રોજગારીની વધુ તક ઉપલબ્ધ થશે, જેના પરિણામે તેમની સામાજિક-આર્થિક સ્થિરતા વધશે તેમજ કાર્ય-જીવન સંતુલન જાળવવામાં સહાય મળશે. આ ઉપરાંત નોન-પોલ્યુટીંગ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળવાથી પર્યાવરણ સુરક્ષા તથા સંતુલીત અને ટકાઉ ઔદ્યોગિક વિકાસના ઉદ્દેશો પાર પાડી શકાશે.

ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી – ૨૦૨૪ અંતર્ગત સ્વસહાય જૂથ (સેલ્ફ હેલ્પ ગ્રુપ - SHG) ને મળવાપાત્ર લાભો ઉપરાંત મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય ને પરિણામે રાજ્યની મહિલાઓ વધુ આર્થિક સશક્ત અને સ્વનિર્ભર બની શકશે.

આ પ્રકારના પગલાં તેમને વધુ અવસર અને સશક્તતા પ્રદાન કરશે, જેથી તેઓ સમાજ, અર્થવ્યવસ્થા અને વ્યવસાય ક્ષેત્રે વધુ મજબૂત બની શકે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી તથા ઉદ્યોગ મંત્રીશ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪માં કરવામાં આવેલા આ સુધારાઓથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશને ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે ટેક્સટાઈલ સેક્ટર પણ પૂરક બનશે અને વિકસિત ભારત ૨૦૪૭માં ગુજરાત અગ્રીમ યોગદાન આપી શકશે.

## ભાવનગર મંડળના સિનિયર રેલવે ઈન્સ્ટિટ્યૂટનું ઉદ્ઘાટન તથા પુનર્વિકસિત રેલવે સ્ટેડિયમ અને પાર્કિંગ સ્ટેન્ડનું લોકાર્પણ





ભાવનગર રેલવે મંડળના સિનિયર રેલવે ઈન્સ્ટિટ્યૂટ, ભાવનગર પરાનું ઉદ્ઘાટન તારીખ ૧૮.૦૧.૨૦૨૬ (રવિવાર)ના રોજ મંડળ રેલ મેનેજર શ્રી દિનેશ વર્માના કરકમળો દ્વારા સંપન્ન થયું. આ અવસરે અપર મંડળ રેલ મેનેજર શ્રી હિમાઁશુ શર્મા, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી હુબલાલ જગન, વરિષ્ઠ મંડળ ઈજનેર (સમન્વય) શ્રી મનીષ મલિક સહિત મંડળના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા.

ભાવનગર રેલવે મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે સિનિયર રેલવે ઈન્સ્ટિટ્યૂટના નવ-નિર્મિત ભવનમાં રેલવે કર્મચારીઓ તથા તેમના પરિવારજનો માટે રમતો અને મનોરંજનની આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઈન્સ્ટિટ્યૂટની વાર્ષિક સભ્યતા ફી માત્ર રૂ.૨૫/- નક્કી કરવામાં આવી છે. સભ્યતા મેળવનારા રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનો ઈન્ડોર રમતો જેમ કે બેડમિન્ટન, ટેબલ ટેનિસ, કેરમ તેમજ આઉટડોર રમતો જેમ કે વોલીબોલ અને બાસ્કેટબોલનો લાભ લઈ શકશે.

કાર્યક્રમ દરમિયાન મંડળ રેલ પ્રબંધક અને અપર મંડળ રેલ પ્રબંધકે ઉપસ્થિત જનસમૂહને સંબોધતાં કર્મચારીઓના સર્વાંગી વિકાસ, આરોગ્ય અને કલ્યાણ માટે આવી સુવિધાઓના મહત્વ પર પ્રકાશ પાડ્યો. આ અવસરે સિનિયર રેલવે ઈન્સ્ટિટ્યૂટના પરિસરમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું.

ઉદ્ઘાટન સમારોહમાં ટ્રેડ યુનિયનના પદાધિકારીઓ, મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ તથા તેમના પરિવારના સભ્યો હાજર રહ્યા. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી શૈલેષ કુમાર પરમાર, મુખ્ય કર્મચારી અને કલ્યાણ નિરીક્ષક દ્વારા કરવામાં આવ્યું. આ જ દિવસે, તારીખ ૧૮.૦૧. ૨૦૨૬ (રવિવાર)ના રોજ મંડળ રેલ પ્રબંધક દ્વારા પુનર્વિકસિત રેલવે સ્ટેડિયમ તેમજ મંડળ કચેરી પરિસરમાં નવીન નિર્મિત પાર્કિંગ સ્ટેન્ડનું પણ લોકાર્પણ કરી તેને રેલવે કર્મચારીઓને સમર્પિત કરવામાં આવ્યું. ભાવનગર મંડળ દ્વારા કર્મચારીઓના કલ્યાણ અને ઉત્તમ કાર્ય પર્યાવરણ માટે સતત કરવામાં આવતા પ્રયત્નોની દિશામાં આ એક મહત્વપૂર્ણ પહેલ છે.

શ્રેયંકા પાટિલ ઈજા બાદ પરત ફરી

## ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે મહિલા ટીમની જાહેરાત કરવામાં આવી

### ભારતી ફુલમાલીની વનડે અને ટી૨૦ ટીમમાં એન્ટ્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
ઓસ્ટ્રેલિયાના મહત્વપૂર્ણ પ્રવાસ માટે ભારતીય મહિલા ક્રિકેટ ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. ત્નેહી ૨૦૨૬ માં યોજાનારા ટી૨૦ વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને પસંદગી સમિતિએ ટીમમાં મોટા ફેરફારો કર્યા છે. આ પ્રવાસમાં ટીમ ઈન્ડિયા ૩ વનડે અને ૩ ટી૨૦ મેચની શ્રેણી રમશે. આ જાહેરાતમાં સૌથી ચોંકાવનારા સમાચાર એક ખેલાડીની ૭ વર્ષ બાદ થયેલી વાપસી છે.

ટીમમાં સૌથી મોટું સરપ્રાઈઝ ૩૧ વર્ષીય બેટ્સમેન ભારતી ફુલમાલીનું પુનરાગમન છે. ભારતીએ પોતાનો છેલ્લો આંતરરાષ્ટ્રીય મેચ ૨૦૧૯ માં રમ્યો હતો, એટલે કે તેનો ૭ વર્ષનો વનવાસ હવે પૂરો થયો છે. WPL 2026 (વિમેન્સ પ્રીમિયર લીગ) માં તેના વિસ્ફોટક પ્રદર્શને પસંદગીકારોને વિચારતા કરી દીધા હતા અને ટીમમાં સ્થાન અપાવ્યું છે.

ભારતીની વાપસી પાછળ તેના આંકડા બોલે છે. તેણે WPL ની ૧૩ મેચોમાં ૧૬૨.૮૫ ના દમદાર સ્ટ્રાઈક રેટથી ૨૮૯ રન ફટકાર્યા હતા. ટીમ મેનેજમેન્ટ તેને એક ફિનિશર તરીકે જોઈ રહ્યું છે. અગાઉ તેણે કરિયરમાં માત્ર ૨ ટી૨૦ રમી હતી, પરંતુ હવે તે નવા અને આક્રમક અવતારમાં જોવા મળશે. ટીમમાં અન્ય મહત્વના ફેરફારો પણ થયા છે. યુવા સ્ટાર શ્રેયંકા પાટિલ ૧૪ મહિના સુધી ઈજાના કારણે બહાર રહ્યા બાદ ટી૨૦ ટીમમાં પરત ફરી છે. આ ઉપરાંત પસંદગીકારોએ યુવા ટેલેન્ટ પર ભરોસો મુકતા વૈષ્ણવી શર્મા અને જી. કમલિનીને પ્રથમ વખત વનડે ટીમમાં કોલ-અપ આપ્યો છે, જે ભવિષ્યની તૈયારી દર્શાવે છે.

બોલિંગ વિભાગમાં પણ ફેરફાર જોવા મળ્યા છે. વનડે ટીમમાં અરુંધતિ રેડ્ડીના સ્થાને કાશવી ગૌતમનો સમાવેશ કરાયો છે. બીજી તરફ, સારા પ્રદર્શન છતાં હરલીન દેઓલને ટી૨૦ ટીમમાં સ્થાન મળ્યું નથી, જોકે તે વનડે ટીમનો ભાગ રહેશે. જ્યારે સ્પિનર રાધા યાદવને વનડે અને ટી૨૦ બંને ફોર્મેટમાંથી પડતી મૂકવામાં આવી છે.

ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ભારતીય ટીમની કમાન હરમનપ્રીત કૌર સંભાળશે અને સ્મૃતિ મંધાના વાઈસ-કેપ્ટન રહેશે. ટીમમાં શફાલી વર્મા, રેણુકા ઠાકુર, દીપ્તિ શર્મા અને રિચા ઘોષ જેવા અનુભવી ખેલાડીઓ યથાવત છે. ટી૨૦ અને વનડે બંને ફોર્મેટમાં ટીમ સંતુલિત દેખાઈ રહી છે.

આ શ્રેણી આગામી ટી૨૦ વર્લ્ડ કપ માટે લિટમસ ટેસ્ટ સમાન સાબિત થશે. ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત ટીમ સામે ઘરઆંગણે રમવું પડકારજનક રહેશે, પરંતુ નવા અને જૂના ખેલાડીઓના મિશ્રણ સાથે ટીમ ઈન્ડિયા શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે સજ્જ છે. આ પ્રવાસમાં યુવા ખેલાડીઓ પર સૌની નજર રહેશે.

ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ભારતીય ટીમ : ભારતીય T20 xe{: હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના (વાઈસ-કેપ્ટન), શફાલી વર્મા, રેણુકા ઠાકુર, શ્રી ચરાણી, વૈષ્ણવી શર્મા, ક્રાંતિ ગૌડ, સ્નેહ રાણા, દીપ્તિ શર્મા, રિચા ઘોષ (વિકેટકીપર), જી. કમલિની (વિકેટકીપર), જેમિમા રોડ્રિગ્સ, ભારતી ફુલમાલી, શ્રેયંકા પાટિલ.

ભારતીય ODI ટીમ : હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના (વાઈસ-કેપ્ટન), શફાલી વર્મા, રેણુકા ઠાકુર, શ્રી ચરાણી, વૈષ્ણવી શર્મા, ક્રાંતિ ગૌડ, સ્નેહ રાણા, દીપ્તિ શર્મા, રિચા ઘોષ (વિકેટકીપર), જી. કમલિની (વિકેટકીપર), જેમિમા રોડ્રિગ્સ, હરલીન દેઓલ, કાશવી ગૌતમ.

## રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના જન્મદિવસે લોકભવન ખાતે રક્તદાન શિબિરનું આયોજન

### વિદ્યાર્થીઓ, સુરક્ષાદળોના જવાનો અને સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું; ૫૭૬ યુનિટ રક્ત એકત્ર થયું




રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તથા લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજીના જન્મદિવસ પર લોકભવન ખાતે રક્તદાન શિબિર યોજવાની એક સુદ્રઢ પરંપરા રહી છે. આ પરંપરાને અવિરત જાળવી રાખતાં અને જન્મદિવસને જનકલ્યાણના ઉત્સવરૂપે ઉજવવાની ભાવના સાથે, આ વર્ષે પણ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના જન્મદિવસના નિમિત્તે લોકભવન ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજી તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બ્લડ કેમ્પની મુલાકાત લઈને રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. રાજ્યપાલશ્રી પ્રત્યે સ્નેહ અને આદર વ્યક્ત કરતાં મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું, જેના પરિણામે કુલ ૫૭૬ યુનિટ રક્ત એકત્ર થયું હતું. આટલું રક્ત ૧,૭૨૮ લોકોને નવજીવન આપી શકે છે.સિવિલ હોસ્પિટલ અમદાવાદ, સિવિલ હોસ્પિટલ ગાંધીનગર, યુ.એન. મહેતા હોસ્પિટલ, શ્રદ્ધા દિપ બ્લડ સેન્ટર ગાંધીનગર, અમદાવાદ રેડક્રોસ સોસાયટી સહિતની બ્લડ બેંકના સૌજન્યથી આયોજિત આ રક્તદાન શિબિરમાં સુરક્ષાદળો, એન.એસ.એસ., એન.સી.સી., કોસ્ટ ગાર્ડ તથા હોમ ગાર્ડના જવાનો, મેડિકલ તથા એન્જિનિયરિંગ કોલેજ, પી.ડી.પી.યુ., ઈન્સ્ટિટયૂટ ઓફ એડવાન્સ રિસર્ચ, કામધેનુ યુનિવર્સિટી, ગૂજરાત વિદ્યાપીઠ સાદરા તથા અમદાવાદના વિદ્યાર્થીઓ તેમજ પ્રોજેક્ટ રક્તકણિકા જેવી સ્વયંસેવી સંસ્થાઓના સ્વયંસેવકોએ રક્તદાન કર્યું હતું. લાયન્સ કલબ ઓફ અમદાવાદ હોસ્ટમેન, એ.ડી.સી. બેંક, શ્રદ્ધા દીપ બ્લડ સેન્ટર, સિવિલ હોસ્પિટલ અમદાવાદ, યુ.એન. મહેતા હોસ્પિટલ, જી.એ.આઈ.આર. સહિતની સંસ્થાઓએ રક્ત દાતાઓનો ઉત્સાહ વધારવા પ્રોત્સાહન આપ્યું હતું. લોકપાલ ગાંધીનગર અને જિલ્લા સૈનિક વેલ્ફેર બોર્ડનો પણ સહયોગ રહ્યો હતો. આ બ્લડ કેમ્પનું સંચાલન લોકભવનના ચિકિત્સક ડૉ. શશાંક સિમ્પીએ કર્યું હતું.

## પાલનપુર—સામાખ્યાલી ખંડ પર રેલ પરિચાલન પુનઃ શરૂ

અમદાવાદ મંડળના પાલનપુર—સામાખ્યાલી ખંડમાં કિડીયાનગર સ્ટેશન (સામાખ્યાલીથી ચોથું સ્ટેશન) પર તારીખ ૧૮.૦૧.૨૦૨૬ના રોજ સવારે ૦૨:૨૫ વાગ્યે ડાઉન લાઈનમાં જતી માલગાડી સંખ્યા જીँ/સ્હઝઝ (લોકો સંખ્યા ૪૯૩૮૪)ના બે વેગન પાટા પરથી ઉતરી જવાથી અપ અને ડાઉન બંને લાઈન પર રેલ વ્યવહાર પ્રભાવિત થયો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

સવારે ૦૮:૦૫ વાગ્યે અપ અને ડાઉન બંને લાઈન પર સામાન્ય રેલ પરિચાલન પુનઃ શરૂ કરી દેવામાં આવ્યો છે.

આ દરમિયાન નીચે મુજબની ટ્રેનો પ્રભાવિત રહી:

- ટ્રેન સંખ્યા ૧૯૪૦૬/૧૯૪૦૫ ગાંધીધામ—પાલનપુર—ગાંધીધામ એક્સપ્રેસ સંપૂર્ણ રીતે રદ રહી.
- ટ્રેન સંખ્યા ૧૨૯૫૯ બાંદ્રા ટર્મિનસ—ભુજ એક્સપ્રેસને ભિલડી—મહેસાણા—વિરમગામ—સામાખ્યાલી ના પરિવર્તિત માર્ગ પર ચલાવવામાં આવી.
- ટ્રેન સંખ્યા ૨૦૯૮૪ દિલ્હી સરાય રોહિલ્લા—ભુજ એક્સપ્રેસને ભિલડી—મહેસાણા—વિરમગામ—સામાખ્યાલી ના પરિવર્તિત માર્ગ પર ચલાવવામાં આવી.
- ટ્રેન સંખ્યા ૨૨૪૮૩ ભગત કી કોઠી—ગાંધીધામ એક્સપ્રેસને ભિલડી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી.

ઘટનાની જાણ થતાં જ રાહત ટ્રેન સ્થળ પર રવાના કરવામાં આવી હતી અને મંડળ રેલ પ્રબંધક પોતાના વરિષ્ઠ અધિકારીઓ સાથે સ્થળ પર પહોંચ્યા હતા.

## રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણીએ લોકભવન ખાતે જન્મદિવસની શુભકામનાઓ પાઠવી

### રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજી સાથે લોકભવન પરિસરમાં આવેલી યજ્ઞશાળામાં હવન કર્યો





રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના જન્મદિવસના અવસર પર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણીએ સવારના સમયે લોકભવન પધારીને રાજ્યપાલશ્રીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. આ અવસર પર લોકભવન પરિવાર દ્વારા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના સન્માનમાં શુભેચ્છા સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા સહિત લોકભવનના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ રાજ્યપાલશ્રી પ્રત્યે આદરભાવ વ્યક્ત કરીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજીએ વહેલી સવારે લોકભવન પરિસરમાં આવેલી યજ્ઞશાળામાં હવન કરીને રાજ્ય સહિત દેશની પ્રગતિ થાય તથા તમામ લોકો સુખ સમૃદ્ધિ મેળવે તેવી યાચના કરી હતી.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### અરવિંદ કેજરીવાલનું ગુજરાતમાં મોટું એલાન

# અરવિંદ કેજરીવાલ અને ઈસુદાન ગઢવીએ AAP પદાધિકારીઓને લેવડાવ્યા શપથ: 'હવે ભાજપને ગુજરાત બરબાદ કરવા દઈશ નહીં..'

અમદાવાદ / ગુજરાત

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગુજરાતના પ્રવાસે છે ત્યારે તેમની વિશેષ ઉપસ્થિતમાં સાણંદનાં લોદરિયાલ ગામે બુથ કાર્યકર્તા સંમેલન યોજાયુ હતુ. આ સંમેલનમાં ગુજરાત પ્રભારી ગોપાલ રાય, સહ-પ્રભારી દુર્ગેશ પાઠક, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, ખેડૂત નેતા સાગર રબારી, રાજુભાઈ સોલંકી, યુવા મોરચા અધ્યક્ષ બ્રિજરાજ સોલંકી, ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈ સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને લોકો ઉપસ્થિત રહ્યા હતા. છેલ્લી ઘડીએ સાણંદનાં લોદરિયાલ ગામે આયોજન નક્કી થયુ હોવા છતાં વિશાળ જનમેદની ઉમટી પડી હતી.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક તથા દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બુથ કાર્યકર્તા બેઠકને સંબોધન કરતાં જણાવ્યું હતું કે આજનો કાર્યક્રમ કોઈ જાહેર સભા નહીં પરંતુ બૂથ, તાલુકા અને જિલ્લા સ્તરના કાર્યકર્તાઓ તથા પદાધિકારીઓની સંગઠનાત્મક બેઠક છે. તેમ છતાં, હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓની હાજરી એ સાબિત કરે છે કે ગુજરાતમાં આમ આદમી પાર્ટી માટે જનસમર્થન સતત વધતું જઈ રહ્યું છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે "વિનાશ કાળે વિપરીત બુદ્ધિ" કહેવત મુજબ આજે ભાજપ સરકાર ગુજરાતમાં પોતાનો અંત નજીક જોઈને હડબડાઈ ગઈ છે. છેલ્લા ૩૦ વર્ષથી સત્તામાં રહેલી ભાજપ સરકાર હવે વિદાયના સમયમાં છે અને આ કારણસર આમ આદમી પાર્ટીની બેઠકો રોકવા માટે સરકારી તંત્રનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમણે અમદાવાદના નિકોલ ખાતે યોજાનારી કાર્યકર્તા બેઠકનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે ગઈકાલે રાત્રે સ્ટેજ તોડી નાખવામાં આવ્યું, ખુરશીઓ ફેંકી દેવામાં આવી અને પરવાનગી રદ કરવામાં આવી. ભાજપને લાગ્યું હતું કે બેઠક યોજાશે નહીં, પરંતુ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ડર્યા નહીં અને તમામ અડચણો છતાં બેઠક સફળતાપૂર્વક યોજાઈ. અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પર જૂતાફેંકની ઘટના પાછળ પણ ભાજપની સાજિશ બહાર આવી છે. જૂતાફેંક કરનાર વ્યક્તિએ પોતે વિડિયો જાહેર કરીને સ્વીકાર્યું કે ભાજપના એક નેતાએ તેને ૫૦ હજાર રૂપિયા અને દારૂ આપીને આ કામ કરાવ્યું હતું, જેના કારણે ભાજપની પોલ ખુલી ગઈ છે. તેમણે આરોપ લગાવ્યો કે છેલ્લા ત્રણ મહિનાથી આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ અને નેતાઓને ખોટા કેસોમાં જેલમાં નાખવામાં આવી રહ્યા છે. ખેડૂતોના હક માટે અવાજ ઉઠાવનાર રાજુ કરપડા, પ્રવીણ રામ સહિત અનેક નેતાઓ આજે પણ જેલમાં છે. અરવિંદ કેજરીવાલે વધુમાં જણાવ્યું કે એક સમય એવો હતો જ્યારે ગુજરાત દેશનું સૌથી સમૃદ્ધ રાજ્ય હતું અને ખેડૂત સુખી હતા, પરંતુ છેલ્લા ૩૦ વર્ષમાં ભાજપે ગુજરાતને ખોખલું બનાવી દીધું છે. આજે ખેડૂત, યુવાન, મહિલા, વેપારી અને ઉદ્યોગપતિ સૌ દુઃખી છે. ખેડૂતોને પાકનો યોગ્ય ભાવ મળતો નથી, શિક્ષણ અને આરોગ્ય વ્યવસ્થા બગડી ગઈ છે અને યુવાનોને રોજગારના બદલે નશાની દિશામાં ધકેલવામાં આવી રહ્યા છે. અરવિંદ કેજરીવાલે વધુમાં કહ્યું હતું કે જો ભાજપે ૩૦ વર્ષમાં ગુજરાતને ખરેખર સુખી બનાવી દીધું હોત, તો આજે આમ આદમી પાર્ટી માટે એટલી મોટી સંખ્યામાં લોકો કેમ એકત્રિત થયા હોત? ૨૦૨૭ની ચૂંટણીમાં જનતા જવાબ આપશે. તેમણે કહ્યું કે જેમ દિલ્હીમાં અને પંજાબમાં આમ આદમી પાર્ટીએ સત્તા મેળવી, તેમ ગુજરાતમાં પણ સત્તા પરિવર્તન નિશ્ચિત છે. અરવિંદ કેજરીવાલે અંતમાં જણાવ્યું કે આ લડાઈ ધર્મયુદ્ધ જેવી છે, જ્યાં એક તરફ સત્તા, પૈસા અને એજન્સીઓ છે અને બીજી તરફ સત્ય અને જનતાની શક્તિ છે. તેમણે કાર્યકર્તાઓને આહ્વાન કર્યું કે સરદાર પટેલ અને મહાત્મા ગાંધીની ધરતી ગુજરાતમાંથી ગુંડારાજ ખતમ કરવા માટે સંકલ્પ લઈને આગળ વધો, કારણ કે સત્યની જીત નિશ્ચિત છે.

આમ આદમી પાર્ટી ગુજરાત પ્રભારી ગોપાલ રાયએ જણાવ્યું હતું કે ગુજરાતમાં જે પરિવર્તનની લહેર ઊભી થઈ છે, તે ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે. ભાજપ છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં સત્તામાં છે, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં પણ ભાજપની સરકાર છે. ગુજરાતની ચારે તરફ નજર કરો તો સત્તામાં ભાજપ છે, પરંતુ કેજરીવાલે ગુજરાતમાં એવા ક્રાંતિવીર કાર્યકર્તાઓ ઊભા કર્યા છે કે જેના કારણે ભાજપ ડરી ગઈ છે. ભાજપને કાર્યકર્તાઓથી, પાર્ટીથી કે ધારાસભ્યોથી ડર લાગતો નથી, પરંતુ આ ક્રાંતિવીરોથી ડર લાગે છે. તેઓ ખુલ્લેઆમ હિંમત કરી શકતા નથી, એટલે અંધારામાં અમારું સ્ટેજ ઉખેડી નાખે છે, ખુરશીઓ તોડે છે. ભાજપના નેતાઓ પાર્ટી પ્લોટના માલિકને ધમકાવતા રહ્યા. તેમને લાગ્યું કે હવે આમ આદમી પાર્ટીનો કાર્યક્રમ પૂરો. પરંતુ જ્યારે તેઓ સૂતા હતા, ત્યારે કેજરીવાલના ક્રાંતિવીર જાગ્યા હતા. રાત્રે ત્રણ વાગે અમારા કાર્યકર્તાઓએ નિકોલથી ૫૦ કિમી દૂર સભાની તૈયારી કરી. આ દર્શાવે છે કે ગુજરાતની ધરતી પર ક્રાંતિવીર જન્મી ચૂક્યા છે. આમ આદમી પાર્ટીએ એવી તાકાત ઊભી કરી છે કે માત્ર બે કલાકમાં ભાજપની સમગ્ર સત્તા સામે હજારો લોકો છાતી તાણી ઊભા રહી ગયા. હું ભાજપને કહેવા માંગું છું, પાર્ટી તમારી છે, સરકાર તમારી છે, ચલાવો. પરંતુ આ રીતે ખુલ્લેઆમ લોકશાહીની હત્યા ન કરો. આ આમ આદમી પાર્ટી છે, કોંગ્રેસ નથી. દિલ્હીમાં તમે અમારા સાંસદ સંજય સિંહને છ મહિના જેલમાં રાખ્યા, અમારા મંત્રી સત્યેન્દ્ર જૈનને બે વર્ષ, મનિષ સિસોદિયાને બે વર્ષ અને ઈતિહાસમાં પહેલી વખત ચૂંટાયેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પણ જેલમાં નાખ્યા. તમે વિચાર્યું કે આમ આદમી પાર્ટી તૂટી જશે? પરંતુ અમે ન ઝૂકવાના છીએ, ન રોકાવાના છીએ, ન ભાગવાના છીએ.

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જાહેરસભાને સંબોધતાં જણાવ્યું હતું કે ભાજપ સરકાર આમ આદમી પાર્ટીની વધતી લોકપ્રિયતાથી ગભરાઈ ગઈ છે અને તેથી જ સરકારી તંત્ર, પોલીસ તથા અન્ય વિભાગોનો દુરુપયોગ કરીને પાર્ટીની સભાઓ બંધ કરાવવાનો પ્રયાસ કરે છે. નિકોલ વિસ્તારમાં સભા રોકવા માટે સતત સ્થળ બદલાવા પડ્યા, છતાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ રાતદિવસ મહેનત કરીને કાર્યક્રમને સફળ બનાવ્યો. તેમણે જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી કોઈ મોટા નેતાઓના પરિવારોથી બનેલી પાર્ટી નથી, પરંતુ સામાન્ય પરિવારમાંથી આવેલા લોકોની પાર્ટી છે. સરકારી કચેરીઓના ધક્કા ખાઈને થાકી ગયેલા સામાન્ય નાગરિકોની વેદનામાંથી આમ આદમી પાર્ટી ઊભી થઈ છે. ખેડૂતોને યોગ્ય ભાવ નથી મળતા, યુવાનોને રોજગાર નથી, શાળાઓ અને દવાખાનાઓની હાલત દયનીય છે અને રોડ-રસ્તાની સ્થિતિ જનતાને પરેશાન કરી રહી છે. તેમણે જણાવ્યું કે ગુજરાતની જનતા હવે જાગૃત થઈ ગઈ છે અને તાનાશાહી સામે લડવાનું મન બનાવી ચૂકી છે. પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર નશામુક્તિ, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે કામ કરી રહી છે, જ્યારે ગુજરાતમાં ભાજપના શાસનમાં સમસ્યાઓ વધતી જઈ રહી છે. વધુમાં જણાવ્યું હતું કે તાનાશાહી સત્તા કાયમી નથી રહેતી. ગુજરાતની જનતા હવે બદલાવ ઈચ્છે છે અને આવનારા સમયમાં આમ આદમી પાર્ટીને મજબૂત સમર્થન આપી ભાજપને સત્તામાંથી દૂર કરશે. નવો નારો આપતા ઈસુદાન ગઢવીએ કહ્યું હતું કે "ભાજપને મારો લાત, ઝાડુને આપો સાથ અને સમસ્યાને કરો સાફ"

વિસાવદરનાં ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે આ પહેલા અમદાવાદના નિકોલ વિસ્તારમાં સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ આમ આદમી પાર્ટીની સભાથી લોકો જાગૃત થઈ જશે અને સત્તાધારી ભાજપનો ખેલ ખુલ્લો પડી જશે તેવી ભીતિના કારણે ભાજપ દ્વારા સરકારી તંત્રનો દુરુપયોગ કરવામાં આવ્યો. પોલીસ અને અન્ય વિભાગો પર દબાણ કરીને સભા રોકવાની કોશિશ કરવામાં આવી. જો ભાજપ સરકારે છેલ્લા વર્ષોમાં ખરેખર જનતા માટે સારું કામ કર્યું હોત, તો આમ આદમી પાર્ટીની સભાઓ રોકવાની કોશિશ કરવાની જરૂર ન પડત. જનતા સ્વયં સભાઓમાં જોડાઈ રહી છે, જેનાથી સરકાર ગભરાઈ રહી છે અને તાનાશાહી વલણ અપનાવી રહી છે. તેમણે જણાવ્યું કે આમ આદમી પાર્ટી કોઈ વ્યક્તિ માટે નહીં પરંતુ સામાન્ય જનતા માટે લડી રહી છે. શિક્ષણ, આરોગ્ય અને રસ્તા જેવી મૂળભૂત સુવિધાઓની હાલત ચિંતાજનક છે. સરકાર મોટા કાર્યક્રમો માટે રાતોરાત વ્યવસ્થા કરી શકે છે, તો પછી સામાન્ય જનતા માટે આવું કામ કેમ નથી થતું?

# સિવિલ હોસ્પિટલના ડૉક્ટરોની કુશળતાથી સેફટી પીન ગળી ગયેલી મહિલાનું જીવન બચ્યું

### સેફટી પીન ગળામાં ફસાઈ જવાથી આંતરિક ઈજાનો ગંભીર ખતરો હતો અને વિલંબ જીવલેણ સાબિત થઈ શકે તેમ હતુઃ ડૉ. ઈલા ઉપાધ્યાય, ઈએનટી વિભાગના વડા, સિવિલ હોસ્પિટલ અમદાવાદ



સિવિલ હોસ્પિટલના ઈએનટી વિભાગના વડા ઈલા ઉપાધ્યાય આ કેસની વધુ વિગતો આપતા જણાવેલ કે , એક ૪૮ વર્ષીય મહિલા દર્દી સરૂબાલા રમેશચંદ્ર ને સિવિલના ઈમરજન્સી વિભાગમાં તારીખ ૧૫ જાન્યુઆરીના રોજ વીસ દિવસ પહેલા ગળામાં સેફટી પીન ગળી જવા ની તકલીફ સાથે લઈને આવેલ. દર્દી પાસે થી હિસ્ટ્રી જાણતા ખબર પડેલ કે દર્દી ખેંચની બીમારીથી પીડિત હતું અને આશરે ૨૦ દિવસ પહેલા સેફટી પીન વડે દાંત સાફ કરતી વખતે અચાનક ખેંચ આવતા સેફટી પીન ગળી ગયેલ. દર્દીનો એકસરે કરાવતા દર્દીના C-7 અને T-1 મણકા ના લેવલે અન્નનળીમાં સેફટી પીન ફસાઈ હોવાનું જાણવા મળ્યું.

તારીખ ૧૬ જાન્યુઆરીના રોજ સિવિલના ઈએનટી વિભાગના વડા ડોક્ટર ઈલા ઉપાધ્યા તેમજ એનેસ્થસિયા વિભાગના ડો. ભાવના રાવલની ટીમ દ્વારા મહામહેનતે ઈસોફેગોકોપી કરી સફળતાપૂર્વક અન્નનળીના બીજા કોઈ પણ ભાગ ને ઈજા થયા વગર સેફટી પીન બહાર કાઢવામાં આવી હતી. ઓપરેશન બાદ દર્દીની પરિસ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય જણાતા દર્દી હવે કોઈ તકલીફ વિના મોઢેથી ખાવાનું લઈ શકે છે તેમ ડોક્ટર ઈલાએ જણાવ્યું હતું.

# ગુજરાતમાં ભય અને ભ્રષ્ટાચારનુ વાતાવરણ : ૩૦ વરસથી ભાજપે રાજયને ખાડામાં નાખ્યું: અરવિંદ કેજરીવાલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ ૩ દિવસના ગુજરાતના પ્રવાસે છે. ગઈ કાલે શનિવારે અમદાવાદ એરપોર્ટ પર પહોચતા જ કેજરીવાલે ભારતીય જનતા પાર્ટી પર આકરા શબ્દોમાં પ્રહારો કર્યા હતા. તેમણે ગુજરાતમાં ભય, ભ્રષ્ટાચાર અને દબાણનુ વાતાવરણ હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો અને કહ્યુ હતુ કે છેલ્લા ૩ દાયકાથી ભાજપે રાજયને ખાડામાં નાખ્યુ છે. ખુદ સરકારી પ્રવકતા મંત્રીઓ મીડીયા સાથે આતંકવાદીઓ જેઓ વ્યવહાર કરી રહ્યા છે. ત્યારે હવે ગુજરાતમાં મીડીયા પણ સલામત નથી.




મીડીયા સાથે વાતચીત કરતા અરવિંદ કેજરીવાલે જણાવ્યુ હતુ કે ગુજરાતના ચારેય તરફ ભય અને ભ્રષ્ટાચાર વ્યાપક છે જે કોઈ ભાજપ સામે અવાજ ઉઠાવે છે તેને ડરાવવામાં આવે છે. અથવા જેલમાં નાખવામાં આવે છે, તેમણે આક્ષેપ કર્યો હતો કે રાજયમાં ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે પરંતુ સરકારી તંત્ર અને દબાણના કારણે કોઈ તેની સામે બોલવાની હિંમત કરી શકતુ નથી. લોકોને ધમકીઓ આપવામાં આવી રહી છે અને સરકારી મશીનરીનો દુરુપયોગ કરીને સત્તા ટકાવી રાખવામાં આવી રહી છે. કેજરીવાલે વધુમાં કહ્યુ કે આજના સમયમાં ગુજરાતમાં આમ આદમી પાર્ટી પ્રત્યે લોકોની આશા વધી છે. આજે લોકો આપમેળે પાર્ટીની સભાઓમાં આવી રહ્યા છે. પાર્ટી પાસે મોટા પ્રમાણમાં નાણાં નથી , છતાં લોકો પોતાના ખર્ચ ઉઠાવીને સભાઓમાં હાજરી આપે છે, આ બાબત સ્પષ્ટ કરે છે કે લોકો હવે પરીવર્તન ઈચ્છે છે અને આમ આદમી પાર્ટીને વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે. ૩ દિવસના ગુજરાત પ્રવાસ દરમિયાન અરવિંદ કેજરીવાલ નવા કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરશે. સંગઠનને વધુ મજબુત બનાવશે, અને પાર્ટીમાં જોડાનાર કાર્યકર્તાઓને શપથ લેવડાવવામાં આવશે, સાથે જ તેઓ બુથ લેવલના કાર્યકર્તાઓને મળીને આગામી રાજકીય રણનીતી તૈયાર કરશે.

તો બીજી તરફ બીએમસીના ચુંટણી પરીણામોને લઈને પણ કેજરીવાલે ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યુ કે ભાજપે આટલી ગરબડ કર્યા પછી પણ ભાજપ પુર્ણ બહુમતી મેળવી શકી નથી. જનતા ભાજપ વિરૂધ્ધ છે, પરંતુ સરકારી મશીનરીનો દુરુપયોગ કરીને સત્તા મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કેજરીવાલે અંતમાં જણાવ્યુ હતુ કે અગાઉ ગુજરાતમાં લોકો નિરાશ હતા. પરંતુ હવે તેઓ આમ આદમી પાર્ટી તરફ આશાની નજરે જોઈ રહ્યા છે. આવનારા દિવસોમાં ગુજરાતની રાજનીતીમાં મોટો ફેરફાર આવશે. એવો વિશ્વાસ પણ તેમણે વ્યકત કર્યો હતો.

### આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ કરનારી ત્રણ સંસ્થાઓ અને નવ વ્યક્તિઓને ધરતીરત્ન એવોર્ડ આપી સન્માનિત કરાયાં

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ધરતીરત્ન એવોર્ડ એનાયત કરાયા

### આશીર્વાદ ફાઉન્ડેશને વડાપ્રધાનશ્રીના ફિટ ઈન્ડિયાના મંત્રને મહિલા આરોગ્ય સાથે જોડીને ઉત્કૃષ્ટ કામગીરી કરી છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ધરતીરત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા અપાતા આ સન્માનનો સમારંભ અમદાવાદમાં સરદાર રાષ્ટ્રીય સ્મારક ખાતે યોજાયો હતો.




આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આજના યુગમાં બધાની દોટ પૈસા અને સ્વાર્થ માટે છે ત્યારે સામેના દરેક વ્યક્તિમાં, દરેક જીવમાં શિવ જોઈને સેવા કરનારાઓનું સન્માન કરાયું છે ત્યારે આજનો કાર્યક્રમ આપણા સૌ માટે પ્રેરણારૂપ છે. સનાતન સંસ્કૃતિમાં સેવા પરમો ધર્મ કહેવાય છે, આ મંત્રને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાજના અંતિમ પંક્તિમાં રહેલા લોકના કલ્યાણભાવ સાથે જનજનમાં વિસ્તાર્યો છે. આજે સન્માનિત સૌ પણ આ ભાવને સમર્પિત છે, એટલે અભિનંદનને પાત્ર છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે સ્વથી ઉપર ઊઠીને સર્વનો વિચાર કરનારા જ માનવજાતની સાચી સેવા કરે છે. સાચી સંપત્તિ પદ, પૈસો કે પ્રતિષ્ઠામાં નહીં, પરંતુ સામાજિક યોગદાનમાં રહે છે. નિઃસ્વાર્થ સેવા જ માનવ સભ્યતાની બુનિયાદ છે, એવું તેમણે ઉમેર્યું હતું.

શિક્ષણ, આરોગ્ય અને જનજાગૃતિ માટે કાર્યરત આશીર્વાદ ફાઉન્ડેશનની વિધ વિધ સેવાકીય પ્રવૃત્તિઓની પ્રશંસા કરતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલી ફિટ ઈન્ડિયા મૂવમેન્ટને આ સંસ્થાએ મહિલા આરોગ્ય અભિયાન સાથે જોડીને બ્રેસ્ટ કેન્સરની જાગૃતિ તથા નિદાન-તપાસ ક્ષેત્રે ઉમદા કામગીરી કરી છે. આ કદાચ એવી પહેલી સંસ્થા છે, જેણે ફિટનેસને દાન તરીકે સ્વીકારી છે. આ નવતર અભિગમ પ્રેરણારૂપ છે.

મુખ્યમંત્રી શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે સરકાર કલ્યાણ યોજનાઓ બનાવે અને નીતિઓને અમલમાં મૂકે. આ યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ અને છેવાડેના લોકો સુધી પહોંચે એ માટે સેવા સંસ્થાઓ પણ સરકાર સાથે ખભે ખભો મિલાવીને કામ કરે તો વધારે સફળતા મળી શકે છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતે હંમેશાં સેવા, સંવેદના સાથે આપદ ધર્મ નિભાવવાની સહકાર પરંપરા જાળવી છે. ધરતીકંપ, કોરોના, પૂર, વાવાઝોડા... કોઈ પણ સંકટમાં ગુજરાત અને ગુજરાતીઓ હંમેશાં આપત્તિગ્રસ્તોની સેવા માટે ખડેપગે રહે છે. વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને યાદ કરીને મુખ્યમંત્રીશ્રીએ આહવાન કર્યું હતું કે સરકારની સાથે સાથે સંસ્થાઓ, સેવાવ્રતીઓ અને સમાજ સૌ સાથે મળીને સમરસ, સંવેદનશીલ અને સમૃદ્ધ ગુજરાત થકી સમૃદ્ધ-વિકસિત ભારત બનાવીએ. આશીર્વાદ ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી આર. એસ. પટેલે સ્વાગત પ્રવચન કરીને સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. ઓડિશાના પૂર્વ ચીફ જસ્ટિસ અને એવોર્ડ પસંદગી સમિતિના અધ્યક્ષ જસ્ટિસ કલ્પેશભાઈ ઝવેરી તથા ગુજરાતી સાહિત્ય અકાદમીના વડા તથા પસંદગી સમિતિના સભ્ય શ્રી ભાગ્યેશભાઈ ઝાએ પ્રાસંગિત ઉદબોધન કરીને સન્માનિતોને શુભેચ્છા પાઠવી હતી. આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા અપાતા ધરતીરત્ન એવોર્ડની દસમી આવૃત્તિમાં ત્રણ સંસ્થાઓ અને નવ સેવાભાવી વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાકીય એવોર્ડ ઠાકરશી ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ, સેવા રૂરલ, ઝઘડિયા તથા વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર, સાવરકુંડલાને અપાયા હતા, જ્યારે સુશ્રી બિંદિયા હેમંતકુમાર ભટ્ટ, સુશ્રી અમિતા અંબાલાલ પટેલ, શ્રી સુરેશભાઈ લવજીભાઈ ઠક્કર, શ્રી ઈશ્વરભાઈ ચંદુભાઈ પટેલ, ડૉ. ભૂપેશ ધીરજલાલ શાહ, ડૉ. અશ્વિન એ. શાહ, શ્રી દિનેશ કાન્તિલાલ વ્યાસ, શ્રી જયેશભાઈ બચુભાઈ રાવલ અને ડૉ. વ્યોમા શાહને વ્યક્તિગત સન્માન અપાયું હતું. આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, શ્રી મહેન્દ્રભાઈ શાહ, શ્રી કે.એમ. પટેલ, શ્રી કનુભાઈ દેત્રોજા સહિતના આશીર્વાદ ફાઉન્ડેશનના અગ્રણીઓ, સન્માનિત સંસ્થાઓના અગ્રણીઓ, સન્માનિત લોકોના પરિવારજનો તથા સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદના વૈષ્ણોદેવી સર્કલ પર ત્રિપલ અકસ્માતઃ રમરમાટ દોડતી ફોરચ્ર્યુનર ગાડીએ બસ-કાર ને અડફેટે લીધા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદના વૈષ્ણોદેવી સર્કલ પાસે આજે રવિવારની સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એસટી બસ અને બે કાર વચ્ચે ત્રિપલ અકસ્માતમાં ફોરચ્યુનરે કાબુ ગુમાવતા બસ સાથે ટકરાઈ હતી. ડીવાઈડર કુદીને બસ સાથે ફોરચ્યુનર કાર અથડાઈ હતી. તો આ કાર ને બસની બાજુમાં જતી બ્રેઝા કારને ટક્કર વાગી હતી, જેને કારણે કારમાં સવાર યુવકનુ મોત નિપજયુ હતું.




વૈષ્ણોદેવી નજીક ત્રિપલ અકસ્માતની ઘટના બની હતી. તેમાં ગાંધીનગર જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી ઈશ્વરસિંહ વાઘેલાના ૨૧ વર્ષીય પુત્ર ધવલ નુ અકસ્માતમાં મોત નિપજયુ હતું.

વૈષ્ણોદેવી પાસે ફોરચ્યુનર કારમાં સવાર ભાજપના ઈશ્વરસિંહ વાઘેલાનો પુત્ર ધવલ વાઘેલાએ ઓવરટેક કરવા જતા સામે આવતી એસટી બસ અને તેની પાછળ આવતી બ્રેઝા કાર ચાલક વચ્ચે ત્રિપલ અકસ્માતની ઘટના બની હતી. જેમાં ઓવર ટેક કરવા ગયેલા ધવલ વાઘેલાનુ મોત નિપજયુ હતું. જયારે તેની સાથે કારમાં સવાર અન્ય યુવતિની હાલત ગંભીર થતા આઈસીયુમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. ઘટનાના સીસીટીવી કુટેજ સામે આવતા અકસ્માતની સ્પષ્ટ તસ્વીરો જોવા મળી હતી. અમદાવાદથી ગાંધીનગર તરફ જતી કાર અન્ય કારને ઓવરટેક કરવા જતા ડીવાઈડર સાથે અથડાતા સામેની તરફથી આવતી એસટી સાથે અથડાઈ હતી, એકાએક સામેથી કાર ડીવાઈડર કુદીને આવતા એસટી ડ્રાઈવરે પણ સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવ્યો હતો. જેની પાછળ અન્ય કાર ચાલકનો પણ અકસ્માત થયો હતો. સમગ્ર મામલે ટ્રાફીક પોલીસે ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માત વિશે પીઆઈ એલ ડી ઓડેદરાએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે આજે રવિવારે સવારે ૮:૪૫ થી ૯ વાગ્યા સુધી ફોરચ્યુનર કાર અને એસટી બસ વચ્ચે અકસ્માત થયો હતો. હિંમતનગર થી રાજકોટ તરફ બસ જતી હતી. તો કાર અમદાવાદ થી ગાંધીનગર તરફ જઈ રહી હતી. ફોરચ્યુનર કાર ચાલક અગમ્ય કારણોસર સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા એસટી બસ સાથે અથડાઈ હતી. જેમાં કાર ચાલકનુ મૃત્યુ પામ્યુ હતું. મૃતકનુ પીએમ કરાવી આગળ એફઆઈઆર દાખલ કરી કાર્યવાહી કરવામાં આવશે. કારની સ્પીડ અમે કંપનીમાંથી કઢાવીશુ, આ અકસ્માત એસટી બસ ચાલકને ઈજા પહોચી છે જયારે મુસાફરોને ઈજા પહોચી નથી. આ અકસ્માતમાં જે યુવકનુ મોત નિપજયુ છે તેના પિતા ભાજપના નેતા છે. મૃતક ધવલ વાઘેલાના પિતા ગાંધીનગર જિલ્લા ભાજપના પૂર્વ સંગઠન મહામંત્રી હતા. તેના પત્ની પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ રહી ચુકયા છે. આઈ બી વાઘેલા વ્યવસાયે વકીલ છે.

# રાજકીય નેતાઓના ઈશારે પોલીસ અધિકારીઓની મનપસંદ જગ્યાઓ ઉપર બદલી કરતુ ગૃહવિભાગ મંત્રી ની ભલામણો ઉપર પોલીસ કર્મીઓની બદલી કેમ કરતુ નથી ?

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના ગૃહવિભાગ દ્વારા કેટલાક મંત્રીઓની ભલામણો પોલીસ કર્મીઓની બદલીઓમાં ધ્યાને લેવામાં ન આવતા મંત્રીઓ દ્વારા આગામી સમયમાં મુખ્યમંત્રી સમક્ષ ફરીયાદો થાય તો નવાઈ નહી.




ગૃહ વિભાગ દ્વારા છેલ્લા બે ત્રણ વરસથી મંત્રીઓની ભલામણો ધ્યાને ન લેવામાં આવતા મંત્રીઓમાં કચવાટ ઉભો થવા પામ્યો છે. તો બીજી તરફ ગૃહ મંત્રીના કાર્યાલયના સુત્રો કહી રહ્યા છે કે જે તે મંત્રીઓની મળેલ ભલામણો ગૃહ વિભાગમાં મોકલી આપવામાં આવતી હોય છે અને તે ભલામણોના આધારે ગૃહ વિભાગ આગળની કાર્યવાહી કરતુ હોય છે. છેલ્લા બે ત્રણ વરસથી ગૃહ વિભાગ દ્વારા મંત્રીઓની ભલામણો ધ્યાને લેવામાં આવતી નથી. અગાઉ પણ આ અંગે મુખ્યમંત્રીના અધિક મુખ્યસચિવનુ ધ્યાન દોરવામાં આવ્યુ હતુ તેમ છતાં કેટલાક જીદ્દી અધિકારીઓ મંત્રીઓની ભલામણોને ધ્યાને લેતા નથી અને તેમાંય નાના પોલીસ કર્મચારીઓની બદલીઓમાં મંત્રીઓની ભલામણો ધ્યાને લેવાતી નથી.

ગૃહ વિભાગ દ્વારા નજીકના સમયગાળામાં ૫૦૦ થી વધુ પોલીસ કર્મીઓની આંતર જિલ્લા ફેરબદલી કરવામાં આવી હતી. તેમાં પણ મોટા ભાગના મંત્રીઓની ભલામણો ધ્યાને લેવામાં આવી ન હતી. રાજકીય નેતાઓના ઈશારે ગણતરીના કલાકોમાં પોલીસ અધિકારીઓને મનપસંદ જગ્યાઓ પર બદલી કરતુ ગૃહ વિભાગ નાના પોલીસ કર્મચારીઓ સાથે બદલીમાં કેમ ઓરમાયુ વર્તન રાખવામાં આવે છે તે એક મોટો પોલીસ કર્મીઓમાં સવાલ ઉભો થવા પામ્યો છે. પોલીસ કર્મચારી પણ ગૃહ વિભાગનો કર્મચારી છે અને ભલામણ કરનાર મંત્રીઓ પણ ભાજપ સરકારના મંત્રીઓ છે. તેમ છતાં ગૃહ વિભાગ દ્વારા બદલીઓ કરવામાં તફાવત કેમ રાખવામાં આવે છે.

# નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સ્વિટ્ઝલેન્ડ જશેઃ વિકસિત ગુજરાતનો રોડ મેપ કરાશે રજુઃ ૫૮થી વધુ ગ્લોબલ દિગ્ગજો સાથે નાયબ મુખ્યમંત્રી સંઘવી કરશે મેરેથોન બેઠકો

પ્રતિનિધિ,ગાંધીનગર

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજય સરકારનુ ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ સ્વિટ્લેન્ડના દાવોસ ખાતે યોજાઈ રહેલી વર્લ્ડ ઈકોનોમીક ફોરમ ૨૦૨૬ માં ભાગ લેવા જશે.



ગુજરાતને વૈશ્વિક વિકાસના નક્ષા પર અગ્રેસર રાખવા અને વિકસિત ગુજરાત ના સંકલ્પને વૈશ્વિક મંચ પર લઈ જવા માટે આ ફોરમમાં રાજય સરકારનુ પ્રતિનિધિ મંડળ ભાગ લેશે. તારીખ ૧૯ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન યોજાનારી આ મહત્વપૂર્ણ વાર્ષિક બેઠકમાં ગુજરાતની સહભાગીતા આંતરરાષ્ટ્રીય સહયોગ અને ઝડપી આર્થિક વિકાસ પ્રત્યે રાજય સરકારની પ્રતિબધ્ધતા દર્શાવે છે. આ પ્રવાસ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિવિધ બેઠકોમાં ભાગ લેશે. ગુજરાતમાં રોજગારી અને ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે તેઓ એડવાન્સ્ડ મેન્યુફેકચરીંગ, ટેક્ષટાઈલ, સેમીકન્ડકટર, ફાર્માસ્યુટીકલ્સ, રીન્યુએબલ એનર્જી, ફુડ પ્રોસેસીંગ, કેમીકલ્સ, શીપીંગ-લોજીસ્ટિકસ અને એરોસ્પેસ જેવા મહત્વના ક્ષેત્રોમાં રોકાણ આકર્ષવા માટે વિશ્વના ટોચના ઉદ્યોગપતિઓ અને નેતાઓ સાથે ૫૮ જેટલી હાઈલેવલ વન ટુ વન બેઠકો યોજશે.

રાજયના ઉદ્યોગમંત્રી હર્ષ સંઘવીનો મુખ્ય હેતુ ગુજરાતની ઔદ્યોગિક ઈકો સિસ્ટમને મજબુત કરવાનો અને રાજયના યુવાનો માટે મોટા પાયે નવી રોજગારીની તકો ઉભી કરવાનો છે. રાજય સરકારનુ પ્રતિનિધિ મંડળ આ મુલાકાત દરમિયાન વિશ્વની નામાંકીત કંપનીઓ જેવી કે **AP MOLLERMAERSK, ENGIE, EDF, JOHNSON, CONTROLS, SUMITOMO, GROUP, LINDE, SEAL SQ, TILLMAN GLOBAL** ના વડાઓ સાથે રૂબરૂ ચર્ચા કરશે. આ બેઠકો દ્વારા ગુજરાતમાં નવી ટેકનોલોજી લાવવા, ઈનોવેશનને પ્રોત્સાહન આપવા અને લાંબા ગાળાના આંતરરાષ્ટ્રીય સંબંધો વિકસાવવા પર વિશેષ ભાર મુકવામાં આવશે. ગુજરાત સરકારનો પ્રયાસ છે કે ગ્લોબલ વેલ્યુચેઈનમાં ગુજરાત એક મહત્વના ભાગીદાર તરીકે ઉભરી આવે, આ ફોરમમાં રોકાણ આકર્ષવા ઉપરાંત વૈશ્વિક નીતિ વિષયક ચર્ચાઓમાં પણ ગુજરાતનો અવાજ બુલંદ રહેશે. હર્ષ સંઘવી વિવિધ પ્રતિષ્ઠિત સત્રોમાં મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહીને ગુજરાતનુ વિઝન રજુ કરશે. તેઓ નવી ભૌગોલીક આર્થિક વ્યવસ્થામાં ભારત, સ્પોર્ટ્સની શકિત ભવ્યતાથી વારસા તરફ, કોલ ટુ કલીન ઈનીશીયેટીવ અંતર્ગત એનર્જી ટ્રાન્ઝિશન, મિશન વોટર દ્વારા જળ સુરક્ષા અને સસ્ટેનેલીબીટી જેવા વિષયો પર ગુજરાતના સફળ વિકાસ મોડલની વાત દુનિયા સમક્ષ મુકશે. આ સત્રો દ્વારા ગુજરાત પોતાની વિકાસગાથાને વૈશ્વિક ફલક પર ઉજાગર કરશે.

ગુજરાત રેડી ફોર ધ વર્લ્ડ વિઝન મીટસ એકશન ના સ્પષ્ટ સંદેશ સાથે રાજય સરકાર આગળ વધી રહી છે. સરકારનો ઉદેશ સ્પષ્ટ છે કે ઈનોવેશન અને મુડી રોકાણ દ્વારા એક મજબુત અને ભવિષ્ય માટે સજજ અર્થતંત્રનુ નિર્માણ કરવુ, વર્લ્ડ ઈકોનોમીક ફોરમ એ વૈશ્વિક અર્થ વ્યવસ્થાની દિશા નકકી કરતો એક મહત્વપૂર્ણ મંચ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ મંચના માધ્યમથી પણ ભારતને એક સશકત વૈશ્વિક શકિત તરીકે પ્રસ્થાપિત કર્યુ છે.

# ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર કાર્યક્રમ કરે તે પહેલા જ અભિજીતસિંહનુ અંબાજીમાં શકિતપ્રદર્શન યોજાયુ

## યાત્રામાં સમાજના અન્ય નેતાઓ હાજર રહ્યા પરંતુ અલ્પેશ ઠાકોર જોવા ન મળતા રાજકીય ગરમાવો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ઉત્તર ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવ્યો છે. ભાજપના ધારાસભ્ય અને ઠાકોર સમાજના અગ્રણી અલ્પેશ ઠાકોરોના સંમેલન પહેલા જ ગુજરાત ક્ષત્રીય ઠાકોર સેના ના પ્રમુખ અભિજીતસિંહ બારડે મોટુ શકિત પ્રદર્શન યોજીને પોતાની તાકાત બતાવી છે. આજે રવિવારે મહેસાણાના મલેકપુરથી અંબાજી સુધી એક ભવ્ય શ્રી ભવાનીધામ સંકલ્પ યાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં મોટી સંખ્યામાં ઠાકોર સમાજના લોકો જોડાયા હતા. આ યાત્રાનો મુખ્ય ઉદેશ સમાજને એકતૃત કરવાનો અને ભવાની ધામનુ નિર્માણ કરવાનો છે. ખેરાલુના મલેકપુરથી શરૂ થયેલી આ યાત્રા શકિતપીઠ અંબાજી પહોચી હતી. જયાં મા અંબાને ધજા ચડાવીને ભવાની ધામ નિર્માણ માટેનો દ્રઢ સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. ત્યારબાદ એક મહાસભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે અભિજીતસિંહ બારડે જણાવ્યુ હતુ કે ભવિષ્યમાં ભવાનીધામ આપણા સમાજ માટે એક પાવર હાઉસ બનીને ઉભરી આવશે, જયાંથી સમાજના ઉત્થાન માટેની ઉર્જા મળશે. આ શકિત પ્રદર્શનમાં રાજકીય દ્રષ્ટીએ સૌથી વધુ ચર્ચાનો વિષય અલ્પેશ ઠાકોરની ગેરહાજરીનો રહ્યો હતો. યાત્રામાં ઠાકોર સમાજના અન્ય ધારાસભ્યો, સાંસદો અને વિવિધ આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા પરંતુ અલ્પેશ ઠાકોર જોવા મળ્યા ન હતા. આ ઘટનાક્રમ આગામી સમયના સામાજિક સમીકરણો તરફ ઈશારો કરે છે. તાજેતરમાં પંચાલ સમાજ અને હાર્દિક પટેલ દ્વારા વસ્તી વધારા અંગે કરવામાં આવેલા નિવેદનો પર પણ અભિજીતસિંહ બારડે પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુ કે ક્ષત્રીય સમાજ હંમેશા સનાતન ધર્મને જીવંત રાખવા અને બલીદાન આપવા માટે કટીબધ્ધ રહ્યો છે. વધુમાં તેમણે ટેકનોલોજીના યુગમાં વસ્તી અંગે માર્મિક ટીપ્પણી કરતા કહ્યુ હતુ કે સમાજે એ રીતે વર્તવુ જોઈએ કે જેથી આવનારી પેઢીનુ યોગ્ય પોષણ અને ઉછેર સમાજના આધુનિક યુગમાં સારી રીતે થઈ શકે.

# અક્ષરધામ પર આતંકવાદી હુમલા કેસમાં આવ્યો ચુકાદોઃ સ્પેશ્યલ પોટા કોર્ટે ૩ આરોપીઓને બિન તહોમત છોડી મુકયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સહિત દેશભરમાં ખળભળાટ મચાવી મુકનાર ગાંધીનગર ના અક્ષરધામ મંદિર પર આતંકવાદી હુમલાના ચકચારભર્યા કેસમાં અત્રેની સ્પેશ્યલ પોટા કોર્ટે ૧૭ મી જાન્યુઆરીના રોજ ૩ આરોપીઓ જેમાં (૧) અજમેરી અબ્દુલ રસીદ સુલેમાન (૨) મહોમદ ફારૂક મહોમદ હનીફ શેખ (૩) મહોમદ યાસીન ઉર્ફે યાસીન ભટ્ટ ગુલાબ મોહયુદીન ભટ્ટ ને પુરાવાના અભાવે ડીસ્ચાર્જ કરી દીધા હતા. એટલે કે આ કેસમાં આ ત્રણેયને બિનતહોમત તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકયા હતા.

અક્ષરધામ મંદિર પર આતંકી હુમલાના ચકચારભર્યા કેસમાં પોટાની વિશેષ કોર્ટે અગાઉ પકડાયેલા પૈકી ૬ આરોપીઓને ગુન્હેગાર ઠરાવીને ૩ આરોપીને ફાંસી, ૧ આરોપીને જન્મટીમ, ૧ આરોપીને ૧૦ વરસ અને ૧ આરોપીને ૫ વરસની સજા ફટકારી હતી. જો કે સુપ્રિમ કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકયા હતા. જેમાં અલ્તાફ હુસેન મલીક, આદમ સુલેમાન અજમેરી, સલીમ હનીફ શેખ, મુકિત અબ્દુલ કયુમ, અબ્દુલ્લામીયા કાદરી, ચાંદમીયા ઉર્ફે ચાંદખાન પઠાણનો સમાવેશ થતો હતો. આ કેસમાં હાલના આરોપીઓ અજમેરી અબ્દુલ રસીદ સુલેમાન, મહોમદ ફારૂક મહોમદ હનીફ શેખ અને મહોમદ યાસીન ઉર્ફે યાસીન ભટ્ટ, ગુલામ મોહયુદીન ભટ્ટ ને પોલીસે તબકકાવાર ધરપકડ કરીને પુરાવા એકઠા કરીને કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી. યાસીન ભટ્ટે કાશ્મીરના અનંતનાગ ખાતે મઝુર, કામીલ અને ઝુબેર સહિતના એલઈટી આતંકવાદીઓ સાથે મળીને ગુજરાતમાં આતંકવાદી હુમલાનુ કાવતરૂ રચ્યુ હતું. યોજના પ્રમાણે ગાંધીનગરના અક્ષરધામ મંદિર પર આતંકી હુમલો કરાયો હોવાનુ તપાસમાં ખુલ્યુ હતું.



યાસીન ભટ્ટે જમ્મુ કાશ્મીર પાસીંગ એમ્બેસેડર કારમાં ગુપ્ત ખાનુ બનાવી તેમાં એકે ૪૭ સહિતના અન્ય હથિયારો અને દારૂગોળા નો જથ્થો તેમાં મુકી આ કારને ચાંદખાન મારફતે ઉત્તર પ્રદેશ ખાતે પહોચાડી હતી. અન્ય આતંકવાદીઓની ચાંદખાન સાથે મુલાકાત કરાવી હતી. ત્યારબાદ ચાંદખાન અને શકીલ ટ્રેન મારફતે એકે ૪૭ અને અન્ય હથિયારો સાથે અમદાવાદ આવ્યા હતા. અમદાવાદમાં અન્ય એલઈટી આતંકવાદીઓ સાથે મળીને તેણે અક્ષરધામ મંદિર હુમલાને અંજામ આપ્યો હતો. ગાંધીનગર ખાતે આવેલ અક્ષરધામ મંદિરમાં ૨૪/૯/૨૦૦૨ ના રોજ સાંજના આશરે ૪:૩૦ કલાકે એકે ૪૭ રાયફલ અને હેન્ડ ગ્રેનેડ સહિતના હથિયારો અને દારૂગોળા સાથે બે ઈસમો અક્ષરધામ મંદિરમાં ઘુસી જઈ દર્શનાર્થીઓ તથા રાઈડ્સમાં બેસેલ બાળકો ઉપર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. અને હેન્ડગ્રેનેડ ફેંકયા હતા. આ આતંકવાદી હુમલામાં એનએસજી કમાન્ડો, સ્ટેટ કમાન્ડો ફોર્સના જવાન અને ૩ એસઆરપીના જવાનો સહિત કુલ ૩૩ વ્યકિતઓના કરૂણ મોત નિપજયા હતા. આ હુમલામાં ૨૩ પોલીસ જવાનો સહિત લગભગ ૮૬ જેટલા વ્યકિતઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

# ગુજરાતના નિવૃત્ત આઈએએસ અધિકારીની દિકરીનુ કુતરૂ કરડતા હડકવાથી મોત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગરમાં રહેતા અને શિક્ષણ ક્ષેત્રે જોડાયેલા એક નિવૃત્ત આઈએએસ અધિકારીની પુત્રીનુ કુતરૂ કરડયા બાદ હડકવાથી મોત થતા સ્કુલ પ્રશાસન તેમજ સનદી અધિકારીઓના વર્તુળમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. મૃતક મહિલા ગાંધીનગરની એક નામાંકીત શાળા સાથે સંકળાયેલા હતા. જયારે તેમના પિતા ગુજરાત સરકારમાં એડીશનલ ચીફ સેક્રેટરી તરીકે સેવા આપી ચુકયા છે.



આ ઘટનામાં ચોંકાવનારી બાબત એ છે કે આશરે ૪ મહિના અગાઉ મહિલાને એક બીગલ બ્રીડના શ્વાન દ્વારા કરડવામાં આવ્યા હતા. તે સમયે શ્વાન સાથે રમતી વખતે ચેપ લાગ્યો હતો. પરંતુ ઘટનાને સામાન્ય માનવામાં આવી હતી. ડીસેમ્બર મહિનાના અંતમાં મહિલામાં હડકવાના લક્ષણો દેખાવા લાગ્યા બાદ ૩૦ ડીસેમ્બરે ભાટ સર્કલ નજીક આવેલી ખાનગી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. લાંબી સારવાર બાદ ગઈ કાલે ૧૭ મી જાન્યુઆરીના સવારે તેમનુ મોત નિપજયુ હતું.

શાળાના સ્ટાફ પાસે રહેલા બીગલ ડોગ સાથે રમતી વખતે આ ઘટના બની હતી. પોતાના ઘરે પણ પાલતુ ડોગ હોવાના કારણે મહિલાએ આ ઘટનાને ગંભીરતાથી લીધી ન હતી અને રેબીઝ ની રસી લેવાનુ ટાળ્યુ હોવાનુ બહાર આવ્યુ છે. ગત ૧૭ ઓકટોબર ૨૦૨૫ ના રોજ આ શ્વાનનુ રેબીઝના લક્ષણો સાથે મૃત્યુ થતા શાળા સંચાલન સફાળુ જાગ્યુ હતું. શાળાએ તરતજ તમામ વાલીઓ અને સ્ટાફને મેસેજ મારફતે સુચના આપી હતી કે જો કોઈ શ્વાનના સંપર્કમાં આવ્યા હોય તો તાકીદે રસી મુકાવી લે. આ સાથે સ્કુલ દ્વારા રેબીઝ રસીની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. ડીસેમ્બર ના અંતમાં મહિલાની તબીયત વધુ બગડતા અમદાવાદના ભાટ નજીક આવેલી ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં લગભગ ૧૯ દિવસની સારવાર બાદ તેમનુ અવસાન થયુ હતું. મૃતદેહને સંપૂર્ણ પ્રોટેકશન પ્રોટોકોલ સાથે ગાંધીનગર સેકટર ૩૦ સ્થિત સ્મશાનગૃહ લઈ જવામાં આવ્યો હતો અને ત્યાં ઈલેકટ્રીક ભઠ્ઠીમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

# ભાજપ સાંસદે સરકારની ખોલી પોલઃ સરકાર અને અમે નબળા છીએ જે કામ અમારે કરવુ જોઈએ તે સંતો કરે છેઃ નડીયાદમાં સાંસદ દેવુસિંહ ચૌહાણનુ વિવાદાસ્પદ નિવેદન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ખેડા લોકસભા બેઠકના ભાજપના સાંસદ દેવુસિંહ ચૌહાણે નડીયાદમાં એક કાર્યક્રમ દરમિયાન પોતાની જ સરકાર અને નેતૃત્વ પર સવાલો ઉઠાવતુ એક અત્યંત ચોકાવનારૂ નિવેદન આપ્યુ છે.

તેમણે જાહેરમાં સ્વીકાર્યુ હતુ કે દિવ્યાંગોની સેવા અને કલ્યાણના જે કામો સરકાર અને પ્રતિનિધિઓએ કરવા જોઈએ તે કામો સંતો કરી રહ્યા છે. જે અમારી નબળાઈ દર્શાવે છે.

નડીયાદના સત્સંગ પાર્ટી પ્લોટ ખાતે સ્વામિનારાયણ ગોકુલધામ નાર સંસ્થા દ્વારા દિવ્યાંગ સાધન સહાય વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે રાજયના મહેસુલ મંત્રી અને સ્થાનિક ધારાસભ્યની હાજરીમાં સાંસદ દેવુસિંહે ચૌહાણે જણાવ્યુ હતુ કે સરકાર અને અમે નબળા છીએ, કારણ કે સંતો માં જે સેવાનો ભાવ છે તેવો ભાવ સરકારમાં હોતો નથી, સ્વાસ્થ્યની ચિંતા સુખદેવ સ્વામી કરે છે જયારે અમારે તો તલાટીથી લઈને સાંસદ સુધીની આખી ચેનલમાંથી પસાર થવુ પડે છે. છતાં આવુ કામ થતુ નથી, વધુમાં પ્રહાર કરતા તેમણે કહ્યુ કે જો દિવ્યાંગ સેવાનુ આ કામ સરકાર કરવા જાય તો ૫ વરસ નીકળી જાય, જયારે સ્વામીએ એકલા હાથે કરી બતાવ્યુ, તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ કે ખેડામાં ભાજપના સબળ નેતૃત્વ માટે હવે ઈન્ટ્રોસ્પેકશન (આત્મચિંતન ) જરૂરી બન્યુ છે.






# રાજય સરકાર દ્વારા ૪૩૦ વન કર્મચારીઓની બદલી મુદ્દે સર્જાયો વિવાદઃ મામલો પહોચ્યો સરકારમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના વનવિભાગ દ્વારા ૪૩૦ જેટલા ફોરેસ્ટરોની બદલી કરવામાં આવી તેમાં મોટો વિવાદ સર્જાયો છે. પતિ પત્નીને એક જ જિલ્લામાં કે બને ત્યાં સુધી સાથે જ રાખવાનો સરકારનો પરીપત્ર હોવા છતાં તેનુ ઉલ્લંઘન કરીને ૬૦ થી વધુ ફોરેસ્ટરોને પતિ પત્નીના કિસ્સાને ધ્યાને લીધા વગર દુર દુર સુધી બદલી કરી નાખવામાં આવી છે. આ ઉપરાંત વરસો સુધી ગીર માં ફરજ બજાવનાર વન કર્મીઓને સામાજિક વનીકરણમાં દુર દુર સુધી અને વરસો થી સામાજિક વનીકરણમાં ફરજ બજાવતા કર્મીઓને ગીર માં મુકી દેવાયા છે. થોડા દિવસ પહેલા વનવિભાગના ૪૩૦ બીટગાર્ડને ફોરેસ્ટર તરીકે પ્રમોશન આપવામાં આવ્યુ હતું. જે બીટ ગાર્ડને પ્રમોશન આપવામાં આવ્યુ તેની બદલી અત્યારસુધી સર્કલ દ્વારા થતી હતી. સર્કલ દ્વારા જે તે ડીવીઝનમાં ફોરેસ્ટરોને મુકવામાં આવતા હતા. પરંતુ વનવિભાગના ઈતિહાસમાં કદાચ પ્રથમવાર એકી સાથે ૪૩૦ પ્રમોશન પામેલા ફોરેસ્ટરોને ગાંધીનગર થી જ બદલી કરવામાં આવતા મોટી મુશ્કેલીઓ સર્જાઈ છે. સામાન્ય રીતે જે તે વિસ્તારમાં ફરજ બજાવતા કર્મચારીઓને તેની આસપાસમાં મુકવામાં આવતા હોય છે. પ્રથમવાર તેમની નોકરીના સ્થળ થી ૩૦૦ થી ૫૦૦ કિ.મી. સુધી દુર દુર મુકવામાં આવતા વનકર્મચારીઓમાં નારાજગી વ્યાપી ઉઠી છે. ૬૦ કર્મચારીઓ તો એવા છે કે જે પતિ પત્નીના કેસમાં સાથે રાખવાને બદલે પતિ કે પત્નીને ૩૦૦ કિ.મી. જેટલા દુર કરી દેવામાં આવ્યા છે. પ્રથમવાર ગીર ગીરનારમાં ગાંધીનગરથી થયેલી બદલીના કારણે હવે મોટો વિવાદ સર્જાયો છે. આ સમગ્ર મામલો છેક સરકાર સુધી પહોચ્યો છે અને હવે ટુંક સમયમાં જ બદલીઓના ઓર્ડરમાં સુધારા ઓર્ડર કરવા પડે તેવી હાલત થઈ ગઈ છે. હાલ પુરતા પતિ પત્નીના કેસમાં બદલીઓ થયેલા કર્મચારીઓને છુટા ન કરવા અને તેના તાત્કાલીક સુધારા ઓર્ડર કરવા સરકાર તરફથી પણ સુચના હોવાનુ જાણવા મળ્યુ છે. હવે આ મુદ્દે શું થાય તે મહત્વનુ બની ગયુ છે.




# ગુજરાત ભાજપ અધ્યક્ષે પશ્ચિમ બંગાળ અને પંજાબમાં હિંસાને વખોડી કાઢી

## ટીએમસી એટલે ટી, તૃષ્ટિકરણની રાજનીતી, એમ એટલે માફીયા તેમજ ગુંડારાજ અને સી એટલે ક્રાઈમ કલ્ચર : જગદીશ વિશ્વકર્મા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ પશ્ચિમ બંગાળ અને પંજાબની હિંસક ઘટનાઓને વખોડી કાઢતા બંને રાજય સરકારની નીતિ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. ભાજપ કાર્યાલય શ્રીકમલમ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી સંબોધીત કરતા ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યુ હતુ કે મીડીયાનો પ્રત્યેક કર્મચારી રાત દિવસ પ્રજાના પ્રશ્નો, સમસ્યાઓ અને ચિંતાઓને ઉજાગર કરવા કાર્ય કરતો હોય છે,




સરકારની સારી બાબતોને પ્રજા સમક્ષ મુકવાની સાથે સાથે સરકારની નબળી બાબતોને પણ મીડીયા પ્રજા સમક્ષ રજુ કરે છે. મીડીયા એ સરકાર અને પ્રજા વચ્ચેનુ એક મહત્વપૂર્ણ માધ્યમ છે. સરકાર અને જનતા વચ્ચેનો વિશ્વાસનો સેતુબંધ એટલે મીડીયાના મિત્રો, મીડીયા સમાજનુ દર્પણ છે, તેઓ પંજાબમાં મીડીયા ઉપર થયેલા દમનના સંદર્ભમાં બોલી રહ્યા હતા.

વિશ્વકર્માએ જણાવ્યુ હતુ કે કેજરીવાલની કઠપુતળી સમાન ભગવંત માન સરકાર દ્વારા પંજાબમાં જે રીતે મીડીયા પર દમનકારી કાર્યવાહી કરવામાં આવી રહી છે તે લોકશાહી માટે અત્યંત ચિંતાજનક છે. કેજરીવાલના ઈશારે પંજાબમાં ભગવંત માન સરકાર દ્વારા મીડીયા પર સતત હુમલાઓ કરવામાં આવી રહ્યા છે. જે લોક તંત્રના ચોથા સ્તંભ પર ખુલ્લેઆમ આઘાત સમાન છે જે પણ મીડીયા સંસ્થાઓ સાચા અને નિષ્પક્ષ સમાચાર પ્રકાશિત કરે છે તેમના પર રેડ, ફરીયાદો અને દબાણની રાજનીતી કરવામાં આવી રહી છે.

તાજેતરમાં પંજાબ કેસરી ગૃપની ભટીન્ડા સ્થિત પ્રિન્ટીંગ પ્રેસમાં કોઈ નોટીસ વિના, કોઈ અધિકૃત આદેશ વિના પંજાબ પોલીસે રેડ પાડી હતી. આ દરમિયાન પત્રકારો તથા અખબારના કર્મચારીઓ સાથે મારામારી કરવામાં આવી, અનેક કર્મચારીઓને ઈજા પહોચાડવામાં આવી અને અખબારની ઓફીસનુ તાળુ તોડી નાખવામાં આવ્યુ, ગેરકાયદેસર રીતે કર્મચારીઓની અટકાયત કરવામાં આવી અને ઈજાગ્રસ્ત કર્મચારીઓને ભટીન્ડા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવા પડયા, આ ઘટના લોકતંત્ર પર સીધો હુમલો છે. જેને ગુજરાત ભાજપ કડક શબ્દોમાં વખોડે છે. વિશ્વકર્માએ પશ્ચિમ બંગાળ સરકારની પણ આકરી ટીકા કરી હતી. પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની ટીએમસી ના શાસન હેઠળ ચાલી રહેલા ભય, દબાણ અને રાજકીય હિંસાના ગંભીર મુદ્દે પ્રતિક્રિયા આપતા વિશ્વકર્માએ જણાવ્યુ હતુ કે પશ્ચિમ બંગાળની ધરતી જે એક સમયે તેની લોકશાહી ચેતના અને બૌદ્ધિક પરંપરા માટે જાણીતી હતી. આજે ટીએમસીના શાસન હેઠળ ભય, બળજબરી અને રાજકીય હિંસાની પ્રયોગશાળા બની ગઈ છે. આજે પ્રશ્ન એ ઉભો થાય છે કે શું પશ્ચિમ બંગાળમાં ચુંટણી ફરજ બજાવવી હવે કોઈના જીવન માટે જોખમ બની ગઈ છે ?

વિશ્વકર્માએ વધુમાં જણાવ્યુ હતુ કે જયારે કોઈ સરકારી કર્મચારીને એવુ કહેવામાં આવે કે કાયદો તેનુ રક્ષણ નહી કરે, પોલીસ સરકારના ઈશારે કામ કરશે અને સત્યની કિંમત જીવનથી ચુકવવી પડશે, ત્યારે તે ફકત એક વ્યકિતની દુર્ઘટના નથી રહેતી. પરંતુ તે લોકશાહીની હત્યા બની જાય છે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે શું આ માત્ર આત્મહત્યા છે કે પછી શાસકપક્ષના દબાણથી દબાયેલા એક પ્રમાણિક અધિકારીની મૌન ચીસો ભર્યો અવાજ છે ? આ ઘટનાના પરિપ્રેક્ષ્યમાં તેમણે કહ્યુ કે આજે પશ્ચિમ બંગાળમાં ટીએમસીની એક નવી વ્યાખ્યા ઉભરી આવી છે.

# કચ્છમાં ૬ વર્ષની માસૂમ સાથે દુષ્કર્મઃ પીડિતાની યોગ્ય સારવાર ન કરતાં હોસ્પિટલ-તબીબી અધિકારીને કોર્ટની શૉ-કૉઝ નોટિસ

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ,

કચ્છના મુંદ્રા તાલુકામાં ૬ વર્ષીય બાળકી સાથે દુષ્કર્મની ઘટનામાં પીડિતાના પ્રાઈવેટ પાર્ટમાં ગંભીર ઈજા પહોંચતા મુંદ્રા અને ભુજની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ બાળકીની યોગ્ય સારવાર ન કરતાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અને ચાઈલ્ડ વેલફેર કમિટીએ કોર્ટમાં રિપોર્ટ રજૂ કર્યો હતો. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કોર્ટે સંબંધિત હોસ્પિટલ સહિત મુખ્ય જિલ્લા તબીબી અધિકારીને શૉ કૉઝ નોટિસ ફટકારી છે અને કોર્ટમાં હાજર થઈ સમગ્ર મામલે ખુલાસો આપવા સૂચન કર્યું છે. કચ્છના મુંદ્રા તાલુકામાં એક ગામ ખાતે શ્રમિક વસાહતમાં ગત ૧૨ જાન્યુઆરીના રોજ બાળકી પર દુષ્કર્મની ઘટના બની હતી. જેમાં મૂળ ઝારખંડનું શ્રમિક યુગલ જ્યારે ઘરની બહાર ગયું હતું, ત્યારે પાડોશમાં રહેતા ૨૬ વર્ષીય મનીષ નામના નરાધમે પીડિતા સાથે દુષ્કર્મ ગુજાર્યું હતું. સમગ્ર ઘટનામાં બાળકીને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે ભદ્રેશ્વર આરોગ્ય કેન્દ્ર, મુંદ્રા સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ ભુજ જી.કે. જનરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી પરંતુ હોસ્પિટલમાં બાળકીની યોગ્ય સારવાર ન કરવામાં આવતા બાળ સુરક્ષા અધિકારી અને ચાઈલ્ડ વેલફેર કમિટીએ એડિશનલ સેશન્સ જજ અને સ્પેશિયલ જજ (પોક્સો) જે.એ. ઠક્કરની કોર્ટ સમક્ષ વિગતવાર રિપોર્ટ રજૂ કરીને યોગ્ય કાર્યવાહી કરવાની માગ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કોર્ટે હોસ્પિટલોને નોટિસ ફટકારી હતી.

# નડિયાદના ફતેપુરા રીંગ રોડ પર અકસ્માતઃ નશામાં ધૂત બાઈકચાલકે બાળકીને અડફેટે લેતા મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)નડિયાદ

નડિયાદના ફતેપુરા રીંગ રોડ પર આવેલા ભાટના કુવા વિસ્તારમાં એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં નશાની હાલતમાં મોટરસાયકલ ચલાવી રહેલા એક શખ્સે માર્ગની સાઈડમાં રમી રહેલી ૭ વર્ષની માસૂમ બાળકીને ટક્કર મારતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. આ અકસ્માત સર્જાયા બાદ સ્થાનિકોએ એકઠાં થઈ પોલીસને જાણ કરતા નડિયાદ ટાઉન પોલીસે ઘટનાસ્થળે પહોંચી આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.નડિયાદના ફતેપુરા રીંગ રોડ પાસે આવેલા ભાટના કુવા વિસ્તારમાં રહેતા વિનોદભાઈ પરમારની ૭ વર્ષની દીકરી આરોહી જે જુનિયર કેજીમાં અભ્યાસ કરતી હતી. આરોહી ઘર પાસે સિંગલ પટ્ટી રોડની સાઈડમાં રમી રહી હતી. ત્યારે અચાનક પૂરપાટ ઝડપે એક મોટરસાયકલ ત્યાંથી પસાર થઈ હતી. બાઈક ચાલક નશાની હાલતમાં હોવાથી તેને વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો અને મોટરસાયકલ કેનાલની રેલિંગ તોડીને સીધી માસૂમ આરોહી સાથે અથડાઈ હતી. જેથી બાળકી રોડ પર પટકાઈ હતી અને તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી.